Issue : 52 • 11th June, 2010 • Founder Editor : Smt. Shilaben Vaidya

AMITY SCHOOL BHARUCH

# Maitri-Setu

Let the holy stream of friendship may flow in my heart ....

25 AMITY SCHOOL 1986-2010

વાંચે એમિટી...

## Happy Family Special



## એમિટી શાળાનું રજત જયંતિવર્ષ
## ૨૦૧૦-૨૦૧૧

સ્વર્ણિમ ગુજરાત 1960 - 2010

...વાંચે ગુજરાત

# Toppers of S.S.C., H.S.C. & B.Ed. 2009-10



Vaishali P. Shah
**90.71%** (12 Com.)
1st in Dist.



Arti M. Prajapati
**88.71%** (12 Com.)
6th in Dist.



Darshika A. Makwana
**86.43%** (12 Com.)
3rd in School



Rahul S. Patel
**92.15%** (X-E.M.)
1st in School



Monal S. Shah
**91.54%** (X-E.M.)
2nd in School



Ria J. Chaudhari
**90.77%** (X-E.M.)
3rd in School



Jay U. Rana
**90.77%** (X-E.M.)
3rd in School




Apurva M. Ankleshwaria
**85.80%** (XII-E.M.)
1st in School



Abhishek K. Patil
**85.20%** (XII-E.M.)
2nd in School




Digant H. Shah
**83.80%** (XII-E.M.)
3rd in School



Asim I. Patel
**90.00%** (XII-G.M.)
6th in Dist.



Parvez S. Patel
**89.20%** (XII-G.M.)
7th in Dist.



Binoy L. Patel
**86.20%** (XII-G.M.)
3rd in School



Grishma K. Fumtiwala
**94.46%** (X-G.M.)
3rd in Dist.



Shreyansh S. Prajapati
**94.46%** (X-G.M.)
3rd in Dist.



Monil S. Solanki
**94.15%** (X-G.M.)
4th in Dist.



Kusum Solanki
**80.42%**
1st in B.Ed.



Parimal Patel
**77.15%**
2nd in B.Ed.



Neelam Rathod
**76.92%**
3rd in B.Ed.

## Analysis of S.S.C., H.S.C. & B. Ed. Result Year : 2009-10

| Std. | Above 80% | Dist. | 1st Class | 2nd Class | Pass Class | Pass | Fail | Total | N.A. | Result |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 (G.M.) | 72 | 22 | 12 | 09 | -- | 115 | -- | 115 | -- | 100% |
| 10 (E.M.) | 34 | 15 | 09 | 03 | 02 | 63 | 01 | 64 | -- | 98.43% |
| 12 (G.M.) | 07 | 27 | 19 | 18 | 05 | 76 | 02 | 78 | -- | 97.43% |
| 12 (E.M.) | 06 | 09 | 17 | 25 | 12 | 69 | 09 | 78 | -- | 88.46% |
| 12 (Com.) | 07 | 14 | 09 | 10 | 06 | 46 | -- | 46 | -- | 100% |
| B.Ed. | 01 | 27 | 55 | 11 | 01 | 95 | -- | 98 | 2 | 96.93% |

# Index


- Amity Parivar Speaks ................................02
- Happy Family ..............................................04
- ૨૧મી સદીમાં સુખની સપ્તપદી ...........................06
- શાળા – એક પ્રસન્ન પરિવાર ............................08
- મધ્યમ વર્ગના પરિવારને પ્રાપ્ત થતી નાનીનાની ખુશીઓ વાસ્તવમાં અમૂલ્ય હોય છે ..................10
- ઍમિટીની વેકેશન પ્રવૃત્તિઓ ..............................12
- Lekhani ........................................................13
- Opinion ........................................................17
- ઍમિટી સમાચાર – શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૧૦ ....18
- આદર્શ મા–બાપ બનવાની કેળવણી કેમ નથી અપાતી? 19
- પ્રતિભાવ ..........................................................20
- બાળકને તેનું બાળપણ માણવા દો ....................21
- વર્ગખંડ એજ મારો પ્રસન્ન પરિવાર ....................22
- પરિપકવતા કોની? મા–બાપની કે બાળકની.....23
- Brain Teasers .............................................24
- Poems ..........................................................25
- ઍમિટી પરિવાર બોલે છે...................................28

# AMITY PARIVAR SPEAKS

Amity School was established on 11th June, 1986, 24 years have passed and it seems too short a time since the school was established. Amity made its beginning in a small manner, in the building of another school. We had a vision, which later transformed into reality. It has been a journey of achievements, struggles, happiness etc, but it all has been worth the efforts. The year 2010-11 will be the Silver Jubilee year. We are proud to bring the 52nd issue on the first day itself.



This issue is dedicated to the family. What is a family, is it mother, father, brother ? No. it is not so. It could be your school, your office, the people you commute with, and each family may be interacting with a different personality.

In the 51 issues published so far the school has tried to publish issues on the subjects which are pertinent for the society. The school is the centre for the betterment of society. These issues have been published keeping in mind the social responsibilities the school has towards society. Amity's aim has always been to walk on the path of progress in the educational field, the success of these issues has made us more determined to take up such pertinent topics.

This time we are focusing on the burning problem faced in society, especially Indian. In our fad to follow western culture we have destroyed the very base of the Indian Society. We call the world our family and yet in most cases a joint family can't happily live together.

In earlier times 10-12 people lived together in a family, the elderly were looked after in their times of need by the younger ones. The small toddlers were given the love and affection of their grandparents, aunt's, uncles along with the parents.

The values which one inherited in the lap of the grandparents through fables, and mythological stories stayed with them all throughout life. These living universities guided and molded the characters of the children. Today we live as nuclear families where at times we find not even two children, but one. That we should share what we have with others is gone, children at the ages of 4-5 become proprietorial and do not share their things. Also the age of marriage is

*I don't care how poor a man is; if he has family, he's rich.*

*-Dan Wilcox and Thad Mumford*

increasing in society. Both the partners are educated, and both want to become professionals. At times instead of becoming partners in a marriage there is one up-man ship, ego walks in and the institution of family breaks, the people who suffer the most are the innocent children.



In these times it is necessary to change the meaning of family as is seen now. Instead of keeping only the family we are associated with at home, we should bring out the importance of the school as the family. If the parents and the school work together, the molding of a child will be at the centre of all. A person spends 16-17 initial years in school. Then who better than the school to help in mapping a good charactered citizen. If there is oneness between these two then the growth of a person will be seen.

We wished well all the students who would pass through the gates of Amity into different paths of life. Our school was a centre for the SSC and HSC boards and hence from 4th March to 17th March, there was activity galore in our premises. Among all this we had the exams and the results of the CBSE section. Routine work went on.

This year our first batch will appear for Std X CBSE Board Examinations. A change in the uniform has been decided and finalized, and effective 10th June when the school re-opens our children will sport a new look.

At Amity we believe in “Change is the only constant”. This issue onwards Maitri-Setu will sport a new look. Yes we have changed the size & style of the magazine from the 25th year.

A list of the proposed programmes scheduled during the Silver Jubilee Year is given below. We will try to adhere to these dates, but in unforeseen circumstances, we may have to deviate from the schedule.

| | |
|---|---|
| 11-06-10 | Celebrating Silver Jubilee Year inception. |
| 13-06-10 | Special Celebration of the 25th years – Time 6.30 pm evening<br>Chief Guest : Dr. Varsha Das, Director, Gandhi Museum, New Delhi<br>Guest of Honour, Dr. Sudarshan Iyengar, VC Gujarat Vidyapith, Ahmedabad |
| 05-09-10 | Teachers Day celebration |
| 25-12-10 | Ex- Amitains gathering |
| 26-01-11 | Republic Day celebrations |
| 27-02-11 | Well wishers gathering |
| 01-05-11 | Social gathering of teac hers |

Your suggestions are always welcome. We thank you for your support and co-operation.

***- Amity Educational Campus Parivar***
***Dt. 11/06/2010***

*Families are like fudge - mostly sweet with a few nuts.*

*- Author Unknown*

# HAPPY FAMILY

Each one of us wants that our family should be a happy family. To keep a family together, what is required is, understanding and the attitude of the family members. There should be openness between all, no lies, pride, or egoism should mar relations. Communication should be clear between all. It should be every person's aim to not find fault with each other and waste time in unnecessary arguments, all should listen carefully to the views of the others, thereby solving the majority of the problems. Righteous thoughts and actions can make a happy family.

Let us see what can be done to make the family happy. It is rightly said that the family, which eats together, stays together. In today's competitive life, we do not have a lot of spare time for the family, but one meal must be had together by all, where all participate and share the good and bad of the day, this will keep the family connected. Many a times the solution of a problem comes from within a family and that too from the least expected source.

Problems have to be tackled and answered they cannot be bottled up inside or one fine day it will lead to a massive row. No one is superior or inferior in the family all should be given equal opportunities. It should be the priority of all to ensure that a feeling of wellness and amity runs around.

This feeling is required in the various families we are associated with. Our office circle or the school, here too the influence of some people can be an asset for us. Very often, we find that we are able to be more open with the family we choose rather than the blood related family. The feeling of oneness automatically comes when people spend a lot of time together.

*Our family is a circle of strength and love…*
*With every birth and every union the circle grows…*
*Every joy shared adds more love…*
*Every crisis faced together*
*makes the circle grow stronger.*

A family is a place where minds come in contact with one another. If these minds love one another, the home will be as beautiful as a flower garden. But if these minds get out of harmony with one another it is like a storm that plays havoc with the garden. Of all our social institutions, the family is perhaps the one with which we are most familiar. As we proceed through our lives, our experiences within the family give rise to some of our strongest and most intense feelings. Within the family context lies a paradox, however although most of us hope for love and support within the family a haven in a heartless world, so to speak the family can also be a place of violence and abuse. The family is both the fundamental unit of society as well as the root of culture. It is a perpetual source of encouragement, advocacy, assurance, and emotional refueling that empowers a child to venture with confidence into the greater world and to become all that he can be. Family quarrels have a total bitterness unmatched by others. Yet it sometimes happens that they also have a kind of tang, a pleasantness beneath the unpleasantness, based on the tacit understanding that this is not for keeps; that any limb you climb out on will still be there later for you to climb back in. Our most basic instinct is not for survival but for family. Most

*When you look at your life, the greatest happinesses are family happinesses.*
*- Joyce Brothers*

of us would give our own life for the survival of a family member, yet we lead our daily life too often as if we take our family for granted.

*Sometimes our hearts get tangled*
*And our souls a little off-kilter*
*Friends and family can set us right*
*And help guide us back to the light.*

**Let us see a few views of our adolescence on this burning topic -**

1 My small family is the heaven on earth for me. We all are so well connected by thoughts to each other that like the parts of the body when one hurts the pain is felt in the whole body, in the same way, if any person in the family faces problems, then we all can feel the pain.

2 I find that my parents are so involved their daily routine that they have no time to spare for my brother, sisters and me.

3 I live with my grandparents, as my parents are in another city due to my father's job, I feel they do not understand my feelings at times and this creates tension between us. At times, it gets terrible as they complain to my parents who in turn scold me.

4 **મારા કુટુંબમાં અમે સૌ હળીમળીને રહીએ છીએ અને એકબીજાને માન સન્માન આપી તેમની લાગણીઓને સમજીએ છીએ.**

5 I was earlier staying in a joint family, but now we all have separated, my parents, brother and I stay separately. I miss my grandmother and my aunts and uncles. Now after school my brother and I have to stay alone.



6 My father is abroad for his job, mummy has to bear the responsibilities of the house and her job, my grandparents complain about my behavior to her and them I am fired or at times given a slap or two.

7 The love and affection that my family gives me more than compensates for the firing that they at times give me. My parents are the architects of my future, my mountains of hope, and my islands of happiness.

8 **મારું કુટુંબ એકસૂત્રતાની ગાંઠે બંધાયેલું છે એ કયારેય તૂટી શકે એમ નથી.**

9 A joint family is the necessity today, as parents work and are busy in their own schedules. Children are raised by servants who are just doing a job and so do not understand the needs of the children. They do not care about the well-being of the child. Even if both parents are working and the nurturing care of the grandparents is there, the children of today will blossom.

10 Poor is the child who does not have the mother to wipe off tears, the father to make demands on, the grandparents to play and cuddle with and the cousins to fight and share with.

11 My parents are my first teachers, who encourage me, laugh with me and cry with me. My grandparents and uncle show a lot of affection for me.


12 My parents constantly pressurize me when I talk with my male friends, it discourages me, why can't they understand me.

13 **હું મારા ગામમાં સંયુકત કુટુંબમાં ખૂબ જ આનંદ માણતો હતો, દાદીમાનો ગરમ નાસ્તો મને ખૂબ જ યાદ આવે છે કારણ કે મમ્મીને પોતાના કામમાંથી ગરમ નાસ્તો બનાવવાનો સમય મળતો નથી.**

*In some families, please is described as the magic word. In our house, however, it was sorry.*
*- Margaret Laurence*

# ૨૧મી સદીમાં સુખની સપ્તપદી

ભારતીય સમાજમાં પ્રથાઓનું અલગ મહત્વ છે. ઘરેડમાં જ જીવવા ટેવાએલ સમાજે આજે ત્રિભેટે ઊભો છે. એકબાજુ સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઘણું વધ્યું છે. બીજી બાજુ જ્ઞાનનો વિસ્ફોટ અને આધુનિક ઉપકરણોની સુવિધા છે તો ત્રીજું અને મહત્વનું પાસુ આજે આર્થિક ક્ષેત્રે, તમામ કક્ષાએ, નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આ ત્રણે પ્રગતિના પંથે હોય તો કૌટુંબિક જીવનમાં શાંતિ અને સુખના દર્શન થવા જોઈએ. પરંતુ તેમ બનવાને બદલે આજે વિભકત કુટુંબો જવાળામુખીની ટોચ ઉપર બેઠેલા દષ્ટિગોચર થઈ રહ્યા છે. પ્રત્યેક નાનો પરિવાર ત્રણ કે ચાર વિભાગમાં વહેંચાયેલો નહીં વિખરાયેલો સ્પષ્ટ નજરે પડે છે. પતિ અને પત્ની વચ્ચે શિક્ષણને કારણે સમજણનો સેતુ વધવો જોઈએ, વિકસાવો જોઈએ તેને બદલે બે પુખ્ત વ્યકિતઓ વચ્ચે સંવાદનું અત્યંત ઓછું અને વિસંવાદનું ઘણું મોટું પ્રમાણ અનુભવાઈ રહ્યું છે. અલગ અલગ વાતાવરણમાં જિંદગીની શરૂઆતના વીસપચીસ વર્ષ વિતાવેલ બે વ્યકિતઓ એક જ છત નીચે ભેગી થાય ત્યારે રહેણીકરણીથી માંડીને ખોરાકની ટેવ બાબતમાં મોટું અંતર હોય તે સ્વાભાવિક છે. એક ગ્રામ્ય વિસ્તારમાં ઉછરેલ વ્યકિત બીજી શહેરી સમાજમાં વિકાસ પામી હોય તેવી વ્યકિતના સંપર્કમાં આવે તો બન્નેના કૌટુંબિક અને શૈક્ષણિક અનુભવો અલગ અલગ હોય તે સહજ છે. બન્નેના વાતાવરણ અને વારસો અલગ હોય ત્યારે એકબીજામાં ઓગળી જવાનું અસંભવિત ન હોય તો કઠિન તો છે જ. યુવાની દરમ્યાન બન્નેએ ભવિષ્ય સંદર્ભે જુદા જુદા સ્વપ્નો જોયેલા હોય જ. આ સ્વપ્ના સાકાર કરવા બન્ને મચી પડે તે પણ સમજાય તેમ છે.



અગાઉની સદીમાં મહદ્ અંશે પુરૂષનું જ વર્ચસ્વ હતું અને સ્ત્રીએ તે સ્વીકાર્યું હતું. તેથી ઘર્ષણનું પ્રમાણ હતું ખરું પરંતુ સમાજ કે કુટુંબમાં તે દેખાતું નહોતું. અભણ પત્ની તે દિવસોમાં પુરૂષપ્રધાન સમાજને સ્વીકારી લેતી– ચલાવી લેતી. દલીલ કરે તેવી સ્ત્રીની કલ્પના કે સમજ તે સમયે પુરૂષોમાં નહોતી અને તેથી ''ગાડું ગબડી જતું.'' આજે સામાજિક પરિસ્થિતિમાં અકલ્પનીય પરિવર્તન આવ્યું છે ત્યારે પ્રત્યેક પરિવારે સુખની નવી સપ્તપદી વિશે વિચારવું રહ્યું. પતિપત્નીની સમજણમાં અભાવ હોય તો તેના ભોગ તે બે તો બને જ છે. પરંતુ વધુમાં બાળકો રહેંસાય છે, મૂંઝવણ અનુભવે છે. આજે શાળાઓમાં સમસ્યારૂપ બાળકો હોય તો તેના પાયામાં સમસ્યારૂપ કુટુંબ વ્યવસ્થા છે. વડીલોના અયોગ્ય વર્તનો સમસ્યારૂપ બાળકોની જનની છે. જો નીચે જણાવેલ સપ્તપદી સમજી લઈએ તો આજે પણ સુખી સંબંધો પ્રાપ્ત થઈ શકે.

(૧) વ્યકિતત્વનો સ્વીકાર : આઝાદીના લગભગ સાઠ વર્ષ બાદ શિક્ષણનો વિસ્તાર બહુ મોટો થયો છે. નાના નાના ગામડાંઓમાં પણ શાળા–કોલેજ શિક્ષણ શકય બન્યું છે. આ સંસ્થામાંથી ડિગ્રીધારી યુવાનો અને યુવતીઓ તૈયાર થઈ સમાજમાં આવે છે. તેઓ પાસે જ્ઞાન છે પણ કદાચ કેળવણી નથી. તેઓ શિક્ષણ મેળવી બહાર આવે છે, પરંતુ ડહાપણ નહીં. કમનસીબે આમાંથી મોટાભાગની વ્યકિતઓ પાસે પદવી હોવાથી તેઓ ગુરૂતાગ્રંથી અનુભવે છે. અન્યપાત્ર તેનાથી નિમ્નકક્ષાનું છે તેમ સમજે છે. બે વ્યકિત ભેગી થાય ત્યારે બન્નેનું શૈક્ષણિકસ્તર અને સમજ એક સરખી હોય તે શકય નથી. આ સંજોગોમાં અલગઅલગ સ્તર ધરાવતી વ્યકિતઓ ભેગી થાય ત્યારે એકબીજાને સમજવાનો પ્રયત્ન કરે તે આવશ્યક છે. જો અન્યોન્ય સમજે તો કદાચ સ્વીકારે. પરંતુ સમજે નહીં તો કંકાસ થાય તે સ્વાભાવિક છે. બન્નેના શોખ અને ટેવ જુદા જુદા હોય તો એકબીજાના શોખને સમજે. અન્યની કુટેવ હોય તો તેને સુટેવમાં પરિવર્તિત કરવા પ્રયત્ન કરે. બેમાંથી એક વ્યકિતને બીજી વ્યકિતની ટેવનો અણગમો હોય તો તેનો વિરોધ કરવાને બદલે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. શોખ એ વ્યકિતગત છે. માટે આપણો 'શોખ' ઊંચો કે સારો અને અન્યનો 'શોખ' નીચો, ખરાબ કે બિનજરૂરી લાગે તો બે વચ્ચે સમસ્યાઓ જ થાય. એ શકય જ નથી કે બંનેની ગમતી – અણગમતી વસ્તુઓ સરખી હોય. જીવન તો અણગમતાને ગમતા કરવાની પ્રક્રિયા છે. આ સરળ કે સહજ નથી જ. પરંતુ કુટુંબ જીવનની નાવ સારી રીતે પાર પાડવી હોય તો અરસપરસના વ્યકિતત્વનો સ્વીકાર આવકારદાયક જ નહીં અનિવાર્ય છે.

*You don't choose your family. They are God's gift to you, as you are to them.*
*- Desmond Tutu*

(૨) જવાબદારીની વહેંચણી : અગાઉના દાયકાઓએ એવું સ્વીકારેલ છે કે 'અર્થોપાર્જનની જવાબદારી પુરૂષની અને કુટુંબ વ્યવસ્થા નીભાવવાની કામગીરી સ્ત્રીએ કરવાની'. તેવી માન્યતામાં–શિક્ષણનું પ્રમાણ વધતાં અસાધારણ બદલાવ આવ્યો છે. આજે શિક્ષણનો વ્યાપ અને પ્રસાર વધતાં બહેનો કેળવણીક્ષેત્રે હરણફાળ ભરી રહી છે. વળી માનવ મનમાં કુદરત પ્રાપ્ત સ્વભાવગત કેટલીક રચનાઓ થયેલી છે. સ્ત્રીઓ સામાન્ય રીતે મર્યાદિત બાબતો ઉપર ધ્યાન કેન્દ્રીત કરતી હોવાથી અભ્યાસમાં અગ્રસ્થાને હોય તેમ દેખાઈ રહ્યું છે. ભાઈઓ તમામ ક્ષેત્રોમાં રસ લેતા હોવાથી તેમનું ધ્યાન એકી સાથે અનેક વિષયોમાં વહેંચાયેલું રહે છે. જેથી અભ્યાસકીય બાબતો તરફ ઓછું લક્ષ્ય હોય તેવું બને. આ સંજોગોમાં સ્ત્રીઓ શિક્ષણક્ષેત્રે આગળ પડતી હોય તેમ દેખાય છે. આજે બહેનો પ્રત્યેક ક્ષેત્રમાં પ્રવેશી ચૂકી છે એટલું જ નહીં કેટલાય વિભાગોમાં તો તેઓ માત્ર પુરૂષ સમોવડી જ નહીં પરંતુ તેમનાથી ઘણી આગળ છે.

આ સંજોગોમાં તેમનું આર્થિક પાસું મજબૂત હોય તે સ્વાભાવિક છે. અગાઉ અર્થોપાર્જન માત્ર પુરૂષોનો જ અધિકાર હતો. તેનું ચિત્ર બદલાઈ રહ્યું હોય ત્યારે પુરૂષ માનસ બદલાય તે આવશ્યક છે. ભારતમાં જે ભાઈઓ બહેનોને ઘરકામમાં મદદ કરતા નથી તે પરદેશમાં જઈને 'પોટી બદલવામાં' પણ મદદરૂપ થતા જોવા મળે છે ! આ સમયનો પડકાર છે. આજે કોઈપણ કામ પુરૂષ કે સ્ત્રીમાં વિભાજીત કરી શકાય નહીં. ડિગ્રીધારી પત્ની કે તેજસ્વી પુરૂષની અપેક્ષા હોય તો પણ કામની વહેંચણી ચોક્કસ રીતે વિભાજીત થઈ શકે તેમ નથી. આજે યુવાનો એમ.બી.એ. પત્ની ઈચ્છે કે યુવતીઓ એંજિનિયર પતિ ઈચ્છે તો બંનેએ સમજી વિચારીને કુટુંબ જીવનની શરૂઆત કરવી પડશે. બાળકોના શિક્ષણની જવાબદારી માત્ર બહેનો ઉપર નાંખવાની પલાયનવાદી વૃત્તિમાંથી ભાઈઓએ બહાર આવવું પડશે. તો બહેનોએ પણ પુરૂષના કાર્યોની જવાબદારી હસતા હસતા ઉઠાવવી પડશે. બેન્ક, પોસ્ટ કે મકાન દુરસ્તીની કામગીરી ભાઈઓએ જ કરવાની સમજમાંથી બહેનોએ બહાર આવવું પડશે. આજના યુગમાં કોઈ કામગીરી જાતિ (સ્ત્રી કે પુરૂષ) આધારિત કરી શકાય નહીં. સાચા અર્થમાં તો જવાબદારીની વહેંચણી ન હોય ખરેખર તો જવાબદારી સહિયારી હોય.

(૩) સ્વભાવ અને વર્તનમાં પરિવર્તન : મનુષ્ય સ્વભાવે શંકાશીલ પ્રાણી છે. આ જન્મજાત વૃત્તિ કે ટેવ છે. આજે જયારે બહુ મોટાપ્રમાણમાં બંને જાતિની વ્યકિતઓ સમાજમાં કાર્યરત હોય ત્યારે તેમનું હળવું, મળવું અત્યંત સ્વભાવિક છે. પુરૂષના ગજવામાંથી સીનેમાની બે ટિકિટ નીકળે તો વિજાતીય પાત્ર સાથે જ સીનેમા જોવા ગયાની શંકા કરવી તેમાં કયો તર્ક રહ્યો છે ? તો કોઈ એક બહેન તેના સાથી કર્મચારીઓ સાથે કયારેક હોટેલ કે પ્રવાસમાં ગયા હોય ત્યારે શંકાની નજરે જોવામાં કઈ સમજશકિતનો આધાર લેવામાં આવતો હશે ? એક બાજુ ભણેલી પત્ની કે પતિ જોઈએ તો વર્તમાન સામાજિક વ્યવસ્થા સમજી અને સ્વીકારી લેવી જોઈએ. કામના સ્થળેથી સાંજે મોડી આવતી વ્યકિત સામે માત્ર શંકાની નજરે જોવું કેટલું યોગ્ય છે ? આજે અત્યંત તીવ્ર સ્પર્ધાના જમાનામાં પ્રત્યેક વ્યકિતએ આગળ આવવા સંઘર્ષ કરવો જ પડતો હોય તો તેમાંથી કોઈ એક સંસ્થા કે વ્યકિત અલગ કે અળગી કેવી રીતે રહી શકે ? આજે તો જે સખ્ત મહેનત કરે તેને માટે Sky is the limit જેવી પરિસ્થિતિ છે. વ્યકિત અભ્યાસકાળથી આકાશમાં ઊડવાના સ્વપ્ના જુએ છે. આ સ્વપ્ના સાકાર કરવા વ્યવસાયમાં પગરણ માંડયા પછી અનેક પ્રતિસ્પર્ધીઓ કરતાં પોતે વિશેષ છે તેમ સાબિત કરવા માટે સમયનો ભોગ આપવો જ પડે. આ સમજનો અભાવ હોય અને તે રીતે વ્યકિત પોતાના સ્વભાવમાં પરિવર્તન ન લાવે તો રોજ ઘરમાં 'મહાભારત' સર્જાય તે સ્વભાવિક છે. સમાજમાં પ્રતિષ્ઠિત વ્યકિતની નામના મેળવવી હોય તો બંને પક્ષે પોતાના સ્વભાવ અને વર્તનમાં પરિવર્તન લાવવું અનિવાર્ય છે.

(૪) દૂરંદેશી દષ્ટિ : આજે સૌથી વધુ જરૂર હોય તો વીસ કે પચીસ વરસ પછી સમાજમાં કયા પરિવર્તન આવશે અને આપણને તે કઈ રીતે અસર કરશે તેનું ચિંતન પરિવારે સાથે બેસીને કરવું જોઈએ. પહેલાં પ્રત્યેક ઘરમાં કદાચ એકાદ ટેલીફોન હતો આજે વ્યકિતદીઠ મોબાઈલ છે. આવું જ લગભગ વાહન બાબતે છે. આ સગવડને કારણે ફાયદા થયા છે તો ગેરફાયદા પણ ઓછા નથી. પ્રત્યેક કુટુંબે પોતાના વ્યકિતગત વર્તનમાં કેવો ફેરફાર લાવવાનો તેની ઘનિષ્ઠ ચર્ચા કુટુંબમાં કરવી જોઈએ. બાળકો પુખ્ત ઉંમરના હોય તો તેમને પણ તેમાં સામેલ કરવા જોઈએ. કમ્પ્યુટર, મોબાઈલ અને વાહનનું વાવાઝોડું એવું આવ્યું કે તેની કલ્પના

*An ounce of blood is worth more than a pound of friendship.*

*- Spanish Proverb*

પણ નહોતી ! આજે પ્રત્યેક વ્યકિત હરતી ફરતી ઓફિસ બની ગઈ. અંગત જીવનમાં તેને કારણે ફાયદા વિશેષ થયા કે નુકસાન વધારે થયું તે વિચારવાનો સમય તો કયારનો ય પાકી ગયો છે. આજ રીતે આપણી કૌટુંબિક વ્યવસ્થામાં જબરદસ્ત પરિવર્તન આવ્યું છે. અગાઉ સરેરાશ આયુષ્ય મર્યાદા સાઠ વર્ષ હતી. આજે સીત્તેર કરતાં વધારે છે. આ સંજોગોમાં વ્યકિત પોતે વૃધ્ધાવસ્થા તરફ ડગ માંડતી હોય ત્યારે તેના વડિલો, માતાપિતા હયાત હોય તો તેની જવાબદારી ઉઠાવવી પડશે. સંતાનો વડીલોના વર્તનનું બારીકાઈથી નિરીક્ષણ કરતા હોય છે જો આપણે વડીલો સાથે યોગ્ય વર્તન કરીશું નહીં તો ભવિષ્યમાં બાળકો આપણી સાથે કેવી રીતે વર્તશે ? તે વિચારવા જેવો મુદ્દો છે.

(૫) વાચન–વિચાર વિસ્તાર : શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ આપશે. પરંતુ સદ્‌વિચાર તો સારા વાચનમાંથી જ પ્રાપ્ત થાય. પ્રત્યેક કુટુંબે રોજ ગુણવત્તાસભર સમય વાચન માટે ફાળવવો પડશે. પ્રત્યેક ઘરમાં સારા પુસ્તકોનું એક નાનકડું પુસ્તકાલય હોય તે આજની તાતી જરૂરિયાત છે. જીવનમાં મનનું મહત્વ મશીન કરતાં વિશેષ છે. આ સંજોગોમાં પ્રત્યેક કુટુંબમાં સારા વિચારો અને બનાવોની નિયમિત ધોરણે ચર્ચા થાય તો સુખમાં વધારો થાય.

(૬) સજ્જન મિત્રોનો સહવાસ : જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રથમ સ્થાને પુસ્તકો છે તો બીજા સ્થાને સારા મિત્રો છે. ઉમદા મિત્રોની પસંદગીનું કાર્ય કઠિન છે. આદર્શ, નિખાલસ અને પ્રામાણિક મિત્રો તો આસમાનના તારા તોડી લાવવા જેવું કઠિન કાર્ય છે. પરંતુ અસંભવ નથી. સરખો શોખ ધરાવતા કુટુંબો શોધી તેમની સાથે પારિવારિક સંબંધો સાંકળવાથી જીવનમાં અનેરી પ્રગતિ થાય છે. તો જીવનમાં શાંતિ પણ પ્રાપ્ત થાય. તેઓ આપણા સાચા માર્ગદર્શકો છે. આજે જયારે વતન અને સગાવાહલાંઓથી દૂર વિભકત કુટુંબોમાં રહેતા હોઈએ ત્યારે ઉત્તમ મિત્રો જ વ્યકિતની સાચી મૂડી બનશે.

(૭) માફ કરવાનો સ્વભાવ : સૌથી પ્રથમ ક્રમે આવે તેવો આ મુદ્દો છે. જીવનમાં સુખી થવા માટે જો કોઈ એક જ વાત હૃદયસ્થ કરવી હોય તો તે અન્યોને તેમના અયોગ્ય કાર્યો માટે પણ માફ કરવા તે છે. આ કાર્યની શરૂઆત કુટુંબથી કરવી પડે. કુટુંબમાં મમ્મી–પપ્પાએ એકબીજાને માફ કરવા પડશે. બાળકોનો સ્વભાવ અનુકરણીય હોય છે. જો તેઓ વડીલોને માફ કરતા જોશે તો તેઓ તે પગલે જ આગળ વધશે. કુટુંબમાં અનેરૂં સુખ પ્રાપ્ત થશે.

''સુધારી લેવા જેવી છે પોતાની ભૂલ;
ભૂલી જવા જેવી છે બીજાની ભૂલ
આટલું માનવ કરે કબૂલ;
તો હરરોજ દિલમાં ઉગે સુખના ફૂલ''

કૌટુંબિક શાંતિ વિનાની વ્યકિત જીવનના અંત ભાગે અનહદ દુ:ખી થાય છે. પરંતુ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે. એટલે જેટલું શકય હોય તેટલું વહેલું આ દિશામાં વિચારવું જોઈએ.

– રણછોડ શાહ

## શાળા : એક પ્રસન્ન પરિવાર

વર્ષ–૧૯૮૭ ઍમિટી સ્કૂલના દક્ષિણ તરફના પહેલાં રૂમમાં કબાટના પાર્ટીશનની આડથી ઓફિસ જેવો આકાર પામેલા ઓરડામાં સ્કૂલના આચાર્યશ્રી સાથે બાળકોના એડમિશન અંગેની ચર્ચા–એ સંબંધની શરૂઆત હતી. આજના અદ્યતન બિલ્ડીંગની સાપેક્ષે ભાગ્યે જ કોઈ વાલીને આકર્ષી શકે એવું શાળાનું તે સમયનું મકાન જોઈ બાળકોના પ્રવેશ અંગેનો નિર્ણય લેવો અમારા માટે થોડો મુશ્કેલ હતો. શાળાનો ડે–સ્કૂલનો વિચાર અને ઈતર પ્રવૃત્તિઓની ખાત્રી આકર્ષક હતી. પ્રવેશ અંગેનો જુગાર ખેલી નાંખ્યો. વર્ષો પછી અતીતમાં નજર કરતા લાગે છે કે જુગાર ફળ્યો.



શાળાનો આછો–પાતળો પણ સમર્પિત સ્ટાફ શાળાની ભૌતિક સુવિધાઓની ઓછપ વર્તાવા દેતો નહોતો. શાળાને ઉત્તમ બનાવવાની તેમની ધગશને કારણે બાળકોને આપોઆપ જ વધુ લાભ થતો રહ્યો. અભ્યાસ ઉપરાંતની ઈતર પ્રવૃત્તિઓએ બાળકોના વિકાસમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો એમ લાગે છે. ઉપરાંત ભૌતિક સુવિધાઓની ઓછપને કારણે એમને સ્ટ્રગલ કરવાની ટ્રેનિંગ પણ મળતી રહી. આ કારણે તેઓ આજે પણ મુશ્કેલ સંજોગોમાં આગળ વધવાની ક્ષમતા ધરાવે છે. વાલી તરીકે તે સમયે અપરિચિત આચાર્યશ્રી અને શિક્ષકો સાથે ઉત્તરોત્તર

*Blood's thicker than water, and when one's in trouble, Best to seek out a relative's open arms.* *- Author Unknown*

પરિચય વધતો ગયો. વરસો પહેલા એક નિર્ણય એવો લીધો હતો કે આ પરિચયનો ઉપયોગ બાળકોનું ઉપરાણું લઈ ફરિયાદ કરવા કયારેય કરવો નહીં. ત્રણેય બાળકોએ એચ.એસ.સી. પાસ કરી સ્કૂલ છોડી ત્યાં સુધી એ નિર્ણયનું પાલન કર્યું છે અને આજે એ વાતનું ગૌરવ છે. મારું માનવું છે કે શિક્ષક એ વર્ગખંડમાં ઉપસ્થિત highest authority છે અને એ હકીકતનું ભાન બાળકને કરાવવું એ જાગૃત માતા–પિતાની ફરજ છે. કયારેક કોઈ માતા–પિતા બાળકની હાજરીમાં શિક્ષક જોડે હુસાતુંસીમાં ઉતરી પડે છે ત્યારે આ authority dilute થાય છે અને એનું વિપરીત પરિણામ બાળક વરસો પછી ભોગવે છે. કારણ કે માતાપિતાની મદદથી શિક્ષકને માનભંગ કરી શકાય એવા સંસ્કાર બાળમાનસમાં ઘડાય છે અને પરિણામે બાળક અભ્યાસકિય બાબતોમાં પણ શિક્ષકના અભિપ્રાય કે નિર્ણયને ન માનવા પ્રેરાય છે. જે અંતે તો માતાપિતાને મોંઘુ જ પડે છે.

સમય જતાં શાળા મેનેજમેન્ટે અમને જાગૃત વાલી તરીકે પ્રમોશન આપ્યું. વરસો પછી શુભેચ્છક વાલી તરીકેના બીજા પ્રમોશનમાં પરિણમ્યું જ. આમ વરસો વરસના ઘનિષ્ઠ થતાં જતાં સંબંધોએ શાળાના કેટલાંક કાર્યક્રમોમાં "On the dias" અને "Off the dias" ભાગ લેવાની તક મળી. પહેલી તક નશાબંધી અંગેની કોઈ ઉજવણી પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ જોડેના વાર્તાલાપ રૂપે હતી. ૨૦–૨૫ વિદ્યાર્થીઓ હતા એમ યાદ આવે છે. મેદાનમાં સૂર્યની ગતિ સાથે ઝાડની સરકતી છાયામાં મારા માટે નાના બાજઠ જેવી અને બાળકો માટે શેતરંજીની વ્યવસ્થા હતી. કેટલા સમયમાં છાયો તડકો બની જાય એ ગણત્રી કરી જ શેતરંજી પાથરી હતી. એટલે વાર્તાલાપનો સમય આપોઆપ જ નક્કી થઈ જતો હતો. બાળકોને એવું કહ્યું હોવાનું યાદ છે કે કોઈપણ સફળતા માટે જે તે કાર્ય માટે નશા જેવી લત હોવી જરૂરી છે. જે તે ક્ષેત્રમાં અગ્રેસર વ્યકિતઓએ તેમના ક્ષેત્રમાં આ રીતે જ પ્રગતિ કરી બતાવી છે. મેનેજમેન્ટની ભાષામાં એને diligence વગેરે કહે છે. અભ્યાસના ક્ષેત્રમાં પણ આજ સિદ્ધાંત લાગુ પડે છે.

કયારેક તો એવું પણ બન્યું કે બાળકોના પ્રશ્નો અંગે આચાર્યશ્રી અને સિનિયર શિક્ષકો સાથે શાળાના મેદાનમાં સામ સામે ખુરશીઓ પર બેસી કલાકો સુધી ચર્ચા પણ કરી. એ સંધ્યા વાર્તાલાપોએ અમારા બાળકોની પ્રગતિમાં સિંહફાળો આપ્યો છે.

સમય પસાર થતા શાળાના બીજા કેટલાંક કાર્યક્રમોમાં ભાગ લેવાનું બન્યું. જેમ કે વાલી મીટીંગ વગેરે. ૨૦૦૫–૦૬માં ફિઝિકસના શિક્ષક તરીકે પણ કામ કર્યું. તે સમયે કિશોરાવસ્થા છોડી યુવાનીમાં પ્રવેશી રહેલા યુવાન વિદ્યાર્થીઓ જોડે કાર્ય કરવાનું અને એમને સમજવાની તક મળી. વરસ દરમિયાન આ ઉંમરના વિદ્યાર્થીઓને માતાપિતા, શાળા અને સમાજ તરફથી થતા દબાણો અને એને કારણે ઉત્પન્ન થતી મુશ્કેલીઓ વિશે સમજવાની તક મળી. આ અનુભવોને આધારે ધો.૧૦, ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓ માટે 'લક્ષ્યવેધ' નામનું પુસ્તક લખી પ્રકાશન કર્યું તેમાં શાળાએ અતિમહત્ત્વનો પરોક્ષ ફાળો આપ્યો છે.

આમ તો ૨૫ વર્ષની સહયાત્રામાં અનુભવાયેલ ઘણી યાદોને વાગોળી શકાય તેમ છે. અંતે ઍમિટી શાળાને કયારેક ચર્ચાસ્પદ સ્થિતિમાં મુકતા શિસ્તના મુદ્દા વિશે થોડું લખી સમાપન કરું છું. શાળા મેનેજમેન્ટને તે સમયે શિસ્તનું જે પ્રમાણ યોગ્ય લાગતું હતું તે પ્રમાણ વાલી તરીકે અમને કઠતું હતું. કારણ કે ઘણાં કૌટુંબિક પ્રસંગોમાં adjustment કરવું પડતું હતું. છતાં તે વરસો દરમિયાન શાળા જોડે એ મુદ્દો ઉઠાવ્યો નહોતો. આજે પુખ્ત વયે પહોંચેલ પુત્રો–પુત્રીને જોતાં એમ લાગે છે કે શાળાની એ શિસ્તે એમને ઘણાં દુષણોથી દૂર રહેવામાં મદદ કરી હતી. એનાં સારા ફળ આજે એ લોકો અને માતાપિતા તરીકે અમે પણ ભોગવીએ છીએ. શાળામાં અભ્યાસ જેટલું જ મહત્વ શિસ્તનું હોવું જોઈએ એ મારા મતે નિર્વિવાદ છે. આમ તો શાળાકિય શિસ્ત માબાપનું જ કામ ઘટાડે છે.

અંતે એટલું કહીશ કે જેમ શારીરિક આરોગ્ય માટે એક ફેમિલી ડોકટર જોડે સંબંધ હોવા જરૂરી છે તે જ પ્રમાણે બાળકોના વિકાસમાં દૂરોગામી અસરો પાડતાં પરિબળોને સંવારવા શાળા જોડે માતાપિતાના સુદૃઢ સંબંધો હોવા જરૂરી છે.

– રાજેન્દ્ર વાડિઆ,
ઍડિશન જી.એમ., જી.એન.એફ.સી., ભરૂચ
તથા પૂર્વવાલી, ઍમિટી સ્કૂલ, ભરૂચ

*A marriage may be made in heaven but the maintenance must be done on earth.*
*- Unknown*

## મધ્યમ વર્ગના પરિવારને પ્રાપ્ત થતી નાનીનાની ખુશીઓ વાસ્તવમાં અમૂલ્ય હોય છે...

ફિલ્મ હિંદુસ્તાનીનું એક ગીત જીવનમાં નાનીનાની વાતોનો આનંદ કેટલો હોય છે તેનો મહિમા વર્ણવતું હોવાથી યાદગાર બન્યું હતું. કમલ હસનના અભિનયથી છવાયેલા આ મધુર ગીતમાં કહેવાયું છે. 'આકાશમાં આનંદ છે, ધરતી પર આનંદ છે, ધરતી ચીરીને ઊગી રહેલા અંકુરનો આનંદ છે. વરસાદમાં નદીઓ અને શિયાળામાં તડકાનો આનંદ છે, જીવનભર તેં જે ખુશીઓ આપી તેને કારણે જીવન જીવવાનો આનંદ છે. સંબંધોનો આનંદ છે અને બીજાઓ માટે જે છલકાયા તે આંસુઓનો પણ આનંદ છે... જીવનમાં ચારે તરફ બસ ખુશીઓ જ ખુશીઓ છે, આનંદ જ આનંદ છે.' ખરેખર આનંદ એ તો મનની અવસ્થા છે અને જેને જીવનમાં પ્રાપ્ત થતા રહે છે તેને જિંદગીનો ગમ શી રીતે સતાવે?



માણસ પાસે કેટલા પૈસા હોય તો જિંદગી જીવવાનો ખરો આનંદમાણી શકે? શું જિંદગીમાં ખુશીનો સંબંધ ધનદોલત સાથે હોય છે? કોઈ માણસ પાસે પચાસ લાખનો બંગલો હોય, પાંચ સાત લાખની કાર હોય, સરસ મજાનો બીઝનેસ હોય તો સપાટી પરનું અવલોકન સેવા નિષ્કર્ષ તરફ દોરી જાય કે માણસ ખૂબ સુખી હશે ! (પારકે ભાણે મોટો લાડુ!) કેટલું ધન કમાવું તે અંગ મર્યાદા ન બાંધી હોય ત્યારે માણસની આખી જિંદગી પૈસા કમાવવામાં ખર્ચાઈ જતી હોય છે. પહેલાં પૂરતું કમાઈ લઈએ પછી નિરાંતે પૈસા ખર્ચીશું અને જીવનનો આનંદ માણીશું એવું વિચારીને દોડતો રહેતો માણસ દોડી દોડીને એકત્ર કરેલા ધનનો ઉપયોગ કર્યા વિના વિદાય લે ત્યારે એ માણસની વ્યથા કોઈક કવિએ ઉચિત રીતે જ નીચેના શબ્દોમાં વ્યકત કરી છે.

સાથ કબછોડા કિ જબ સારે બૂરે દિન કટ ગયે
જિંદગી તુને કહા આકર દિયા ધોકા મુઝે ?

સરેરાશ શ્રીમંત માણસ આ જ પ્રકારના જીવનચક્રમાંથી પસાર થતો હોય છે. એ ગણતરી માંડે છે કે સાંઠ વર્ષ સુધી ગધ્ધાવૈતઢં કરી લઈને પછી શાંતિથી જિંદગીનો આનંદ માણીશું ! જયારે પુષ્કળ ધન ભેગું થઈ જાય ત્યારે જીવનનો આનંદ માણવાની ઋતુ પસાર થઈ ગઈ હોય છે. મુકામ પર પહોંચ્યા પછી આનંદ માણવાના મનસૂબા મહદ્ અંશે ફળતા નથી કારણ કે જિંદગી આપણા આયોજન પ્રમાણે ચાલતી નથી. (કાળ પર કોણે જીત મેળવી છે?) માર્ગમાં ચાલતાં ચાલતાં જે નાની ખુશીઓ મેળવી લે છે તે જ આનંદ પામે છે અને આનંદનો અધિકારી ઠરે છે.

જીવનમાં આનંદ કયાંથી મળે? જીવનપથ પર નાનીનાની ખુશીઓ મેળવવા માણસ પાસે પુષ્કળ પૈસાનું હોવાનું જરૂરી નથી. મધ્યમ વર્ગના માણસનાં જીવનમાં ભૌતિક સુવિધાઓ હપ્તે હપ્તે આવે છે અને પ્રત્યેક નાનકડી સિદ્ધિ કે સુવિધા ખુશીઓનો મહાસાગર છલકાવવાનું નિમિત્ત બને છે. આર્થિક પ્રતિકૂળતા અને સંઘર્ષ વચ્ચે જીવન જીવતાં જેઓ આવી નાનીનાની સિદ્ધિઓનો આનંદમાણી શકે છે તેમને જ જીવનનું મહત્વ અને મૂલ્ય સમજાય છે. જયાં સંઘર્ષ નથી હોતો ત્યાં ધબકતું જીવન પણ નથી હોતું. જીવનમાં સંઘર્ષ અને પડકાર ન હોય તો જીવન જીવવાનો રોમાંસ જ ખતમ થઈ જાય. જે માણસે પોતાની કારકિર્દીનો પ્રારંભ સેકંડહેન્ડ સાઈકલથી અને ત્રણસો સ્કવેર ફીટના ભાડાના ફલેટથી કર્યો હોય તે માણસને પચ્ચીસ હજારનું સ્કૂટર ખરીદતી વખતે કે થ્રી રૂમ કીચનનો પોતાનો ફલેટ ખરીદતી વખતે જે થ્રિલનો અનુભવ થાય છે તે કોઈ કરોડપતિને પંચોતેર લાખનો જમીનનો ટુકડો ખરીદતી વખતે ભાગ્ય જ થતો હોય છે. નવું રંગીન ટેલિવિઝન કે નવો સોફાસેટ ઘરમાં આવે

*Be careful that your marriage doesn't become a duel instead of a duet.*

*- Unknown*

ત્યારે મધ્યમ વર્ગના પરિવારમાં ખુશીઓનો મહાસાગર છલકે છે. નવું ફર્નિચર લેવા માટે કે નવી કાર ખરીદવા માટે મધ્યમ વર્ગના માણસે ખૂબ રાહ જોવી પડે છે. બજેટનું આયોજન કરવું પડે છે અને તેથી આવી નાની મોટી સિદ્ધિઓ એમને માટે અનહદ ખુશીનું નિમિત્ત બની જાય છે.

માણસ પુષ્કળ પૈસા અને જિંદગીને નજીકથી માણવી એ બેમાંથી કોઈ એકની જ પસંદગી કરી શકે છે. એ જયારે અમર્યાદ ધન કમાવાનો વિકલ્પ પસંદ કરે છે ત્યારે જીવનમાંથી પ્રાપ્ત થનારી, નાનીનાની ખુશીઓ ગુમાવવાનો વિકલ્પ પણ આપોઆપ સ્વીકારાઈ જાય છે. મારો નિકટનો મિત્ર કૃષ્ણકાંત વીસ વર્ષની ઉંમરે કેનેડા ગયો હતો. દસ વર્ષ દરમ્યાન તીવ્ર ઈચ્છા હોવા છતાં તે ભારત આવી શકયો નહીં. પોતાને ત્યાં દીકરો આવ્યો તેની ખુશી એણે પોતાની માતા સાથે વહેંચવી હતી પરંતુ તે શકય ન બન્યું. બરાબર બાર વર્ષ પછી જયારે તેણે પત્ની અને પુત્રને લઈને ઈન્ડિયા જવાનો પ્લાન કર્યો ત્યારે તેની એ મુલાકાતના દોઢ મહિના પહેલાં જ એની માતાનું હાર્ટએટેકથી ભારતમાં અવસાન થયું. કૃષ્ણકાંતે મને લખ્યું. ‘‘દોસ્ત, પૈસા કમાવા કરતાં જિંદગીમાં પ્રાપ્ત થતી નાનીનાની ખુશીઓને માણવી તે વધુ મહત્વનું છે. કેનેડા આવીને મેં શું શું ગુમાવ્યું તેની યાદી લાંબી થાય એમ છે. દુનિયામાં જે મને સૌથી વધુ વ્હાલી હતી તેવી માને બારબાર વર્ષ સુધી હું મળી ન શકયો અને તે અચાનક ચાલી ગઈ. એનું સાંઠમું વર્ષ ઉજવ્યું ત્યારે હું હાજર ન રહી શકયો. માતાના અગ્નિસંસ્કારનો મારો પવિત્ર અધિકાર પણ મેં ગુમાવ્યો. જે મારા જીવનની સૌથી કઢણતમ ઘટના હતી. તે દિવસે સોનાના પીંજરામાં કેદ એવો હું આખી રાત રડતો રહ્યો અને અપરાધભાવથી પીડાતો રહ્યો. પૌત્રને જોવા તથા ગોદમાં બેસાડીને રમાડવાનાં અરમાનો અધૂરાં રાખીને જ તે ચાલી નીકળી. ખરેખર પૈસા કમાવાનો વિકલ્પ પસંદ કરીને મેં જીવનનાં આનંદ મેળવવાના ઘણા પ્રસંગો ગુમાવ્યા.’’

મધ્યમ વર્ગનો પરિવાર બાળકને આંગળી પકડીને જાતે બગીચામાં ફરવાનો કે બોટિંગ કરવાનો, બર્થ ડે નિમિત્તે ઘરે ભોજન બનાવી આત્મીય મિત્રોને નિમંત્રવાનો, મોડી સાંજે કે વહેલી સવારે મિત્ર સાથે ચા કે કોફીની સંગતે ગપ્પા મારવાનો, પડોશીની બિમાર વૃદ્ધ માતાને હોસ્પિટલમાં ટીફીન પહોંચાડવા માટે બે દિવસની રજા મૂકી કોઈકના દુ:ખમાં ભાગીદાર બનવાનો આનંદ માણી શકે છે. જન્મદિન બે હજાર માણસોની ઉપસ્થિતિમાં ફાઈવ સ્ટાર હોટેલમાં ઉજવવો અને ચાર કે પાંચ સ્વજનો સાથે ઘરમાંજ હૃદયપૂર્વક ઉજવવો એ બંને પ્રસંગોમાં તાત્ત્વિક ભેદ છે. પોતાનાં ઘરમાં ગેસની પાઈપલાઈન લીધા પછી મીઠાઈ વહેંચવા નીકળેલા એક સેવકભાઈના ચહેરા પર છવાયેલી પ્રસન્નતા મારા માનસપટ પર કાયમ માટે અંકિત થઈ ગઈ છે. ‘‘આ શાની મીઠાઈ છે, ભાઈ’’ એમ જયારે મેં એને પૂછયું ત્યારે ગદગદ સ્વરે એ ઝૂમી ઊઠયો હતો, ‘‘સાહેબ, હવે ગેસનો બાટલો શોધવા નહીં જવું પડે, પાઈપલાઈન આવી ગઈ. મારી પત્નીની ઈચ્છા સાત વર્ષ પછી આજે હું પૂરી કરી શકયો!’’

જીવનમાં આનંદ મળે તેવા અવસરો આવતા જ રહે છે. આપણે તેને પામી શકીએ છીએ કે કેમ તે પ્રશ્ન રહે છે. એલાર્મની જરૂર નહીં પડે તે રીતે કોયલનો ટહુકો પ્રાતઃકાળે તમને જગાડે છે, પુત્રી શાળામાં બનેલા બનાવોની કહાણી રજૂ કરી રહી છે. બહારગામથી આવેલા બે મહેમાન, સાથે રમણીય સાંજ ગુજારવાન છે, પહેલી તારીખ હવે માત્ર આઠ દિવસ જેટલી જ દૂર છે અને હજુ પંદરસો રૂપિયા બચેલા છે, મિત્રને પુત્ર જન્મની વધાઈ આપવાની છે, રાત્રે અમેરિકાથી દીકરાનો ફોન આવવાનો છે તે ભારત કયારે આવનાર છે તે જણાવવાનો છે, મોસમના પહેલા વરસાદનું આગમન હવે દૂર નથી, ઠંડો પવન લહેરાય છે, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે આકાશનું સૌંદર્ય દિલને લલચાવે છે, સાંજે મિત્રોની મહેફિલમાં રંગીન માહોલની સમક્ષ કવિતા રજૂ કરવાની છે. આ તમામ બાબતો જીવનને આનંદ આપનારી છે અને પ્રસન્નતાની અનુભૂતિ કરાવનારી છે. આપણે આનંદની એ ક્ષણોને ઓળખવાની છે, પકડવાની છે અને આત્મસાત કરવાની છે.

સાભાર : ‘પ્રસન્ન પરિવાર પ્રસન્ન જીવન’
લેખક : ડૉ. શશિકાંત શાહ

*Let a mother counsel her children with love as well as with knowledge, for a proud youth may not heed his mother's wordsbut he will not forget her love. - Unknown*

# ઍમિટીની વેકેશન પ્રવૃત્તિઓ

## 'સદ્‌ભાવના પર્વ' શિબિર અહેવાલ

તા. ૧૬ થી ૧૮ મે–૨૦૧૦ ના રોજ સદ્‌ભાવના ફોરમ ગુજરાત રાજય આયોજિત ''સદ્‌ભાવના પર્વ'' કૈલાસ ગુરૂકુળ મહુવા મુકામે યોજાયું. આ કાર્યક્રમમાં શ્રી રણછોડ શાહ તથા શ્રીમતી પ્રમેશ મહેતા શાળાના શુભેચ્છક શ્રી રોહિત પટેલ તથા શ્રીમતી ગાયત્રી પટેલ સાથે જોડાયા. પ્રથમ બેઠકને ડૉ. સુદર્શન આયંગરે સંબોધન કર્યું. બીજી બેઠકમાં 'સદ્‌ભાવના અને સાહિત્ય તથા કળા' વિષય ઉપર અનુક્રમે ડૉ. મણિલાલ હ. પટેલ તથા ફિલ્મી કલાકાર શ્રી ફારૂક શેખે પોતાના વિચારો રજૂ કર્યા. ત્રીજી બેઠક 'સદ્‌ભાવના અને વિકાસ' વિષય અન્વયે શ્રી વાય. કે. અલઘ અને શ્રી સનત મહેતાએ સંબોધન કર્યું. ચોથી બેઠકમાં 'સદ્‌ભાવના અને પ્રસાર માધ્યમો' વિશે શ્રી રવિન્દ્ર ત્રિપાઠી તથા શ્રી અજય ઉમટે પોતાના મંતવ્યો રજૂ કર્યા. પાંચમી બેઠકમાં 'સદ્‌ભાવના અને સમાજ' વિષય ઉપર શ્રી સત્યશીવ રામનજીએ પોતાના વિચારો રજૂ કર્યા. ત્રણ દિવસને અંતે મુરારી બાપુએ પોતાની રસપ્રદ અને પ્રવાહી શૈલીમાં સદ્‌ભાવનાનું જીવનમાં મહત્વ વિશે આધ્યાત્મિક વિચારો રજૂ કરી પર્વનું સમાપન કર્યું.

## ગ્રીષ્મ શિબિર અહેવાલ

વિ□ગ્રામ મુ.પો. જગુદણ, તા.જિ. મહેસાણા અને ડૉ. દ્વારકાદાસ જોષી ફાઉન્ડેશન ટ્રસ્ટ પ્રેરિત 'ગ્રીષ્મ શિબિર'નું આયોજન તા.૨૬/૦૫ થી ૦૧/૦૬ દરમ્યાન મહેસાણા ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, વોટર પાર્ક સંકુલમાં યોજાયું. જેમાં શ્રીમતી સરોજ રાણા તથા શ્રીમતી તેજસ્વીની ચૌહાણ જોડાયા. આ શિબિરનો મુખ્ય હેતુ પ્રકૃતિ શિક્ષણની સાથેસાથે આત્મખોજ, આત્મબૌધ, વિજ્ઞાન પરિચય, વિજ્ઞાન બોધ દ્વારા જીવનદર્શન આપવાનો રહ્યો. અલગ અલગ વકતાઓ દ્વારા 'મારા સ્વપ્નની શાળા, હરીભરી જીવનભરી' વિષયને ન્યાય આપવાનો પ્રયાસ થયો. ખ્યાતનામ લેખક શ્રી કુમાળપાળ દેસાઈએ 'શાળા–શાંતિનું ધરોવાડીયું' વિષય દ્વારા અહિંસક રીતે બાળકોને કેવી રીતે શિક્ષણ આપી શકાય તેની રજૂઆત કરી. કેળવણીકાર શ્રી ગુણવંત શાહ 'નિશાળ બને વિશાળ' વિશે પોતાના વિચારો રજૂ કર્યા. શ્રી અનિલભાઈ ગુપ્તાએ 'શોધવૃત્તિના શિક્ષણ' ઉપર પ્રકાશ પાડયો. અંતરિયાળ વિસ્તારનાં બાળકની સર્જનશકિતને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય કરનાર શ્રી ચૈતન્યભાઈ દ્વારા જીવન જરૂરિયાતોની ખેંચ વગરનું મૂલ્યનિષ્ઠ, આરોગ્યમય, વ્યવસ્થાપન સાથે કરી રહેલ કાર્યના અનુભવો સાથે શિબિરનું સમાપન કરવામાં આવ્યું. આ શિબિર દરમ્યાન થયેલ અનુભવો અવિસ્મરણીય રહેશે.

## ભૌતિક વિજ્ઞાનનો વર્કશોપ અહેવાલ

"National Workshop of Utsahi (ઉત્સાહી) Physics Teachers (NWUPT) - 2010" આ શીર્ષક પર III College, Kanpur દ્વારા ભૌતિક વિજ્ઞાનમાં રસ ધરાવતા શિક્ષકો તથા વિજ્ઞાનપ્રેમીઓના વર્કશોપનું તા.૨૦ થી ૨૫ મે–૨૦૧૦ દરમ્યાન આયોજન થયેલ. આ વર્કશોપમાં ભૌતિક વિજ્ઞાન વિષયના શિક્ષિકા શ્રીમતી પ્રજ્ઞા પટેલ જોડાયા. જેમાં તજજ્ઞો દ્વારા વિષયને અનુરૂપે ૧૦૦ કરતાં પણ વધારે નાના–મોટા દૈનિક જીવનમાં ઉપયોગી પ્રયોગો તથા વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવામાં આવી. વર્ગમાં પ્રયોગાત્મક શિક્ષણ કેવી રીતે આપી શકાય. તેનું માર્ગદર્શન આપ્યું. વર્કશોપમાં પ્રો. હરીશ વર્મા, પ્રો. એસ. એલ. શ્રીવાસ્તવ, પ્રો. સમર બાગચી, પ્રો. ચંદ્રશેખર શર્મા, પ્રો. બી. એન. દાસ અને શ્રી ધનંજય રાવલ જેવા વિજ્ઞાનમાં ઊંડો રસ ધરાવતા પ્રોફેસરોએ ઉત્તમ માર્ગદર્શન આપ્યું. આ વર્કશોપ જીવનનું અનેરું સંભારણું બની રહ્યો.

## ટ્રેકીંગ અહેવાલ

સ્કાઉટ ગાઈડ સંકુલ અને અમિટી શાળાના સંયુકત ઉપક્રમે તા.૧૦/૦૫ થી તા.૧૬/૦૫ના રોજ 'નેચર સ્ટડી કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું. વ્યાયામ શિક્ષકો શ્રી હસ્તિમલ વસાવા, શ્રી રવિ ગોહીલ, શ્રી બીનલ મહેતા, વિજ્ઞાન શિક્ષિકા શ્રીમતી હેતલ મેનગર તથા ૭૨ વિદ્યાર્થીઓ જોડાયા.


આ કાર્યક્રમ અંતર્ગત માઉન્ટ આબુ ખાતે આવેલ સ્કાઉટ ગાઈડ કેમ્પસમાં રીવરક્રોસીંગ, ટાયર ટનલ, ટાયર મહેલ, રેલીંગ, શેપ રેલીંગ, હોર્સ રાઈડીંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. કુદરતના ખોળે રમણીય વાતાવરણમાં જુદા જુદા ટ્રેક જેવાં કે સનસેટ પોઈન્ટ, લીમડીકોઝમાં નાઈટ ટ્રેકીંગ, કેવ ટ્રેકીંગ કરવાની બાળકોએ મજા માણી.

સ્કાઉટ ગાઈડ અધિકારીશ્રી ભાટી સાહેબ, ટ્રેકરશ્રી અક્ષય સર, શ્રી અશોક સરનો સુંદર સહકાર પ્રાપ્ત થયો. બાળકોને ત્યાંનું વાતાવરણ ખૂબ જ પ્રિય બન્યું. આહ્‌લાદક અને અવિસ્મરણીય અનુભવ વિદ્યાર્થીઓએ માણ્યો.

*It's a wise parent who knows how to encourage a child's hidden talent.*

*- Unknown*

# LEKHANI



The family is a strong backbone, which supports us in the same way that a strong foundation supports a building. It is the string, which binds the different pearls of the necklace together. It inculcates in us values, character, humanity, humility, responsibility, caring, sharing. We all mutually respect each other and even if we do not agree at times, we listen to the views of other. My family has so far helped me overcome all my problems and sustained me in achieving my goals. I am happy to not only have my family as my strength, but my teachers too have always been there as the family where I spend most of my time. Their enthusiastic and steady support has helped me overcome many of my weaknesses. Infact with the teacher's support I have turned my weaknesses into my strengths. I am thankful that I have the support of the various families of my life, my parents, grandparents, teachers, and friends.

***- Kesha Viveki (Std. XI)***

What is a family? Father, mother, brother, sister! No, it is those who surround our lives with love and joy, who stand by us in the times of our need.

With order, there is no chaos in the family; a well-organized family will be able to function smoothly. When all know their responsibilities and shoulder it harmony comes in the family. All are important enough to have their own view. Respect is a key factor in a happy family.

***- Ayushi Gandhi (Std. IX )***

We all wish that our family should be called a happy family. This happiness depends on the communication that goes on in the family. There should not be any communication problem between the family members. They should not waste unnecessary time in arguement but should spend time to find solutions to problems. There should be no ego hassles. At least the family should have one meal together and at this time, no television should be viewed, infact general discussions should be made, so that exchanges of ideas are there.

There is no use of bottling up problems and controlling emotions, as one fine day they will erupt like the volcano and then there will be no solution. All are equal in the family and hence should be treated as such. Sharing work, money, responsibilities will help build the character of the children. The needs of others should be considered.

***- Mrs. Sunita Panda***

The role of my family in my life is permanent, like the Kodak print, which never fades in thundering rains or tsunamis. My parents and grandparents are the four pillars who support the building of my life.

They boost me up when needed but also reprimand me when I do wrong, I am the rough diamond that they polish. They never let me give up. I am thankful for their support in my life.

***- Kaushal Yadav (Std. X-B)***

*The happiness of the domestic fireside is the first boon of Heaven; and it is well it is so, since it is that which is the lot of the mass of mankind. - Thomas Jefferson, 1813*

## પ્રસન્ન પરિવાર

सहृदयं सांमनस्यं अविद्रेषं वः ।
अन्यो अन्यमभि हर्षत वत्सं जातभिवाघ्न्या ।।

ઉપરોકત શ્લોકમાં હૃદયસ્પર્શી ઉદાહરણ આપેલું છે. વાછરડાથી ગાયને કોઈ સ્વાર્થ સિદ્ધ થતો નથી. ગાય ઘરડી થાય તો વાછરડું તેની ચાકરી કરી શકતું નથી. આવું કંઈ પણ નથી છતાં ગાય પોતાના વાછરડાને કેટલો પ્રેમ કરે છે કેટલો અગાધ પ્રેમ કરે છે ! પરિવારમાં રહેનારાઓ એકબીજાને એવો જ નિઃસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમ કરે તો પરિવારને સાચા અર્થમાં પ્રસન્ન પરિવાર કહી શકાય. પછી ચાહે તો ઘર હોય, સંસ્થા હોય, સમાજ હોય કે પછી રાષ્ટ્ર હોય. પ્રસન્ન રહેવાનો સ્વભાવ પરિવારને સ્વર્ગ બનાવી દે છે.

– શ્રીમતી અલ્કા ભટ્ટ

## પ્રસન્ન દાંપત્ય જીવન

મારી અધૂરપને પૂર્ણ કરવા એક પાત્ર શોધ્યું. બંન્નેએ મળી વિચારોનું આદાન–પ્રદાન કર્યું, કયાંક મારા તરફથી ગમતાનો સ્વીકાર કરવામાં અને ન ગમતાનો અસ્વીકાર થયો અને બંનેની સમજણથી ન ગમતું બાજુ પર મૂકવામાં આવ્યું. કયારેક આજ પ્રમાણે સામે પક્ષે પણ રહ્યું. કયારેક ન ગમતાનું પણ મૌનપણે સ્વીકાર કરી આગળ વધતા રહેતા આપોઆપ ઉકેલ મળતો રહ્યો. કયારેક ઉકેલ ન મળતાં એ બાબત સુષુપ્ત રહી. કંઈક નવીન તરફ વળવાથી પ્રવાહ વહ્યા કર્યો અને પછી કોઈ પ્રશ્નો નથી રહેતાં પ્રસન્ન પરિવાર માટે !

– શ્રીમતી દક્ષા રાણા

## જીવન ઘડતર કરતો પરિવાર

ભારતનું ભાવિ જયારે વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે ત્યારે બાળકનો નાનો પ્રસન્ન પરિવાર એટલે માત્ર બાળકનું ઘર નહીં. પરંતુ બાળક એટલે કુટુંબ, શાળા, સમાજ. બાળક માટે યુવાની અને ઘડપણ જીવનવિકાસ માટેનો કુદરતે નક્કી કરેલો ક્રમ છે. તેમાં બાળપણ એ એવો તબક્કો છે કે જેમાં બાળકમાં સર્વોત્તમ સંસ્કારોનું સિંચન કરી શકાય, બાળકનું જેવું ઘડતર કરીએ તેવું થાય. કોમળ મનમાં જે વિચારોનું અંકુરણ કરીએ તે વિચારો વિસ્તરે. સુટેવ કુટેવની ત્રિજયામાંથી વ્યાસબને. આથી બાળકના આ કોમળ અને પવિત્ર સમયગાળામાં બાળકના મનને કેન્દ્રબિંદુ બનાવવા આપણે સૌ માતા હોય, શિક્ષક હોય કે સમાજને અન્ય વ્યકિત તેણે વિચાર, વાણી અને વર્તનથી કોમળતા રાખવી જ પડે.

બાળકમાં પાંચ વર્ષ સુધી માતાનાં સંસ્કારો સિંચન પામે છે. દાદા–દાદીની વાર્તા તથા વર્તનથી સુટેવો વિકસે છે અને જેટલાં સંસ્કારોનું સિંચન થવાનું હોય તેટલા સંસ્કારોનું આ સમય દરમ્યાન સિંચન થાય છે. ત્યાર બાદ આવે છે શાળા. શાળાનો બાળકના પરિવારમાં ઉમેરો થાય છે અને ત્યાંજ તેમાં સિંચન પામેલા સંસ્કારો ખરા અર્થમાં વિકસે છે. તેને ભાવિ જીવનની નવી દિશા મળે છે. શિક્ષક પણ બાળકને માની જેમ હૂંફ અને પ્રેમ આપી ઉછેરે છે. તેના બાળમાનસને સમજવા શિક્ષક પોતાનાથી બનતા પ્રયત્ન કરે છે અને અંતે પ્રવેશે છે તે યુવાનીમાં. આ સાથે હવે તે નોકરી માટે સમાજનાં જુદાં જુદાં હોદ્દેદારોને મળે છે અને શરૂ થાય છે તેના સુખ–દુઃખની કપરી યાત્રા સાથેનો બહોળો પરિવાર આ તમામ જગ્યાએ પ્રસન્નતા અનિવાર્ય છે.

– કુ. ખુશ્બુ પટેલ

## બાળકનું જીવનઘડતર

આપણે જયારે કુટુંબ વિષે વિચારીએ તો સૌ પ્રથમ આપણને આપણા ઘર તથા ઘરનાં માણસોની યાદ આવે. ઘરની તમામ વ્યકિતઓ ભેગી મળે ત્યારે કુટુંબ બને છે. જો કુટુંબની દરેક વ્યકિત એકબીજા પ્રત્યે લાગણી અને સન્માન ધરાવતી હોય તો જ એ કુટુંબ એક સુખી કુટુંબ બને છે. સુખની વ્યાખ્યા દરેક વ્યકિતએ જુદી જુદી હોય શકે. પરંતુ સાચું સુખ તો કુટુંબની દરેક વ્યકિત એ એક બીજા પરના હક્કની સાથે ફરજ પણ એટલી જ સહજતાથી નિભાવે તો જ પ્રસન્ન પરિવારની અનુભૂતિ થાય.

કહેવાય છે કે શાળાએ બાળકનું બીજું ઘર છે શાળામાં ભણતાં દરેક વિદ્યાર્થી માટે તેનો વર્ગ, શાળા તથા મિત્રવર્તુળ એક અલાયદા કુટુંબની ગરજ સારે છે. એમ તો બાળકનું ઘડતર ઘરેથી થાય છે પરંતુ શાળા દ્વારા બાળકને પ્રાથમિક કક્ષાએથી જ જીવનના મૂલ્યોની સરળ ભાષામાં સમજ આપી તેનું ઉત્તમ ઘડતર કરી

*When our relatives are at home, we have to think of all their good points or it would be impossible to endure them. - George Bernard Shaw*

શકાય. આજનો બાળક આવતી કાલનો જવાબદાર નાગરિક બનવાનો છે જો બાળકના કુમળા મનમાં પ્રમાણિકતા નીતિમત્તા, જવાબદારીના પાઠો ઘર કરી જાય તો તે ભવિષ્યનો નિષ્ઠાવાન માણસ બનશે. તે પોતાના કુટુંબ, સમાજ અને દેશ પ્રત્યેની તેની ફરજો બાબતે જવાબદાર અને જાગૃત બનશે.

આપણા દેશમાં પ્રાચીન સમયથી જ કુટુંબ પ્રત્યે સમર્પણ ભાવનાને જીવનનો એક આદર્શ ગણવામાં આવે છે. જો માણસ તેના કુટુંબથી ખુશ હશે તો તેની પ્રસન્નતા તેનાં દરેક કાર્યોમાં ઝળકે છે. યોગ્ય ઘડતર મારફત સુખી કુટુંબનો પાયો નાખી શકાય.

– શ્રીમતી જિગીષા પંડયા

## બાળ ઘડતર: સહિયારી જવાબદારી

બાળકએ પરિવારનું અભિન્ન અંગ છે. આ અભિન્ન અંગ દિવસના ૨૪ કલાકમાંથી છ કલાક શાળામાં એટલે કે શિક્ષણ સાથે ગાળે છે, જયારે બાકીના ૧૮ કલાક પોતાના પરિવાર સાથે કે જેમાં માતા–પિતા, ભાઈ–બહેન, કાકા–કાકી અને દાદા–દાદી હોય છે. આ અઢાર કલાકમાં બાળક જુદાજુદા લોકો પાસેથી અનેકવિધ વાતો શીખે છે, વાર્તા સાંભળે છે, અનુકરણ, ગુણ–સિંચન વગેરે જેવી બાબતો એ પોતાના પરિવારમાંથી શીખે છે. એટલે એવું પણ નથી કે બાળકના વ્યકિતત્વ વિકાસની જવાબદારી માત્ર પરિવારની જ છે.

પરિવારની સાથે સાથે બાળકના વ્યકિતત્વ ઘડતરની જવાબદારીમાં શિક્ષકોએ બાળકને સહકાર, સંપ અને વિવિધ મૂલ્યોનું શિક્ષણ શાળામાં આપવું જોઈએ જેને કારણે પરિવાર અને શાળામાંથી સર્વાંગી વિકાસ સાથે તૈયાર થયેલું બાળક સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કરી શકે.

એક બાળકના માતા–પિતા શિકાર કરવા માટે જંગલમાં ગયા હતા અને જંગલમાં કોઈ મુસીબતને કારણે તે બાળક તેના માતાપિતાથી વિખૂટું પડી જાય છે. જંગલમાં ખોવાઈ જાય છે. માતાપિતાએ જંગલમાં ઘણીબધી શોધખોળ કરવા છતાં બાળકની ભાળ મળતી નથી. અંતે માતાપિતા નિરાશ થઈને ઘરે જતાં રહે છે. આ બાળક જંગલમાં ધીમે ધીમે મોટું થાય છે. તે પ્રાણીઓની જેમ ચાલે છે, વાંદરાની જેમ એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદકા મારે છે, શિયાળ અને અન્ય પ્રાણીઓની જેમ તે બૂમો પાડે છે એટલે તે બાળકને શાળા પરિવાર અને સમાજ ન મળતાં તેનો વિકાસ યોગ્ય રીતે થઈ શકયો નહી. છેલ્લે તે ટારઝન બને છે.

આમ, બાળકના વ્યકિતત્વ ઘડતરમાં પરિવાર, શાળા અને સમાજ ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે.

– શ્રીમતી હેતલ મેનગર

## બાલદેવો ભવઃ

બાળકના વિકાસમાં વાલી, સમાજ, કુટુંબ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. બાળકનું બાળપણ રમવા, કૂદવા અને આનંદ મેળવવા માટે હોય છે. બાળક જયારે નાનું હોય છે, ત્યારથી તેના નાના મગજમાં કંઈક નવા જ વિચારો ઉદ્‌ભવતા હોય છે. તેને નવું નવું જાણવાની જિજ્ઞાસા જયારથી તે ઘૂંટણભેર ચાલવાની અને ઘરની બહાર નીકળવાની શરૂઆત કરે છે ત્યારથી શરૂ થઈ જાય છે. તે પોતાના મિત્રો અને માતા–પિતા સાથે પોતાના વિચારો રજૂ કરે છે અને ન સમજાતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરે છે.

માતા પિતા પોતાના બાળકનું ભવિષ્ય ઉજજવળ બને તે માટે સતત પ્રયત્નશીલ હોય છે. આ માટે માતા પિતા પાસે સમય હોવો ખૂબ જ જરૂરી છે. આજના સમયમાં પોતાની ઉજજવળ કારકિર્દી બનાવવા માટે માતા પિતા બાળકને સમય આપી શકતા નથી. બાળક શું કરે છે, બાળકને શું કરવું ગમે છે, તેને શું કરવું જોઈએ તેની યાદી માતા પિતા પાસે હોવી જોઈએ અને તે માટે પૂરતું માર્ગદર્શન આપવું જોઈએ. પરંતુ ઘણા માતા પિતા પોતાનું બાળક જાણે કોઈ રમકડું હોય અને તેને જે જોઈએ તે લાવી આપીને પોતાની ફરજ પૂરી થઈ ગઈ એમ સમજે છે. જો બાળક નાનપણથી માતાપિતાના મુખેથી નકારાત્મક વાકયો જ સાંભળતો આવે તો તેના કુમળા માનસ પર તેની ખરાબ અસર પડે છે. તે પોતાના જ માતા પિતાને દુશ્મન ગણવા લાગે છે. માતા પિતા તેના માટે ગમે તેટલું સારું વિચારતા હોય છતાં તેના

*Call it a clan, call it a network, call it a tribe, call it a family. Whatever you call it, whoever you are, you need one.* *- Jane Howard*

મનમાં ઘર કરી ગયેલ વિચાર તેને ધીમે ધીમે પરિવારથી દૂર લઈ જાય છે.

આપણે બાળકોને હકારાત્મક અભિગમ કેળવતા શીખવવું જોઈએ. તે કંઈ પણ કાર્ય કરે તેને યોગ્ય પ્રોત્સાહન – ઉત્તેજન પૂરું પાડો. તેમને ખરાબ શબ્દોથી નવાજવામાં આવે છે. માતા પિતા માટે એવી પરિસ્થિતિ ન ઊભી થવી જોઈએ કે બાળક માતાપિતાને પોતાની અસફળતા માટે દોષિત માનવા લાગે. બાળકને દરેક કાર્ય તેની જાતે જ કરવા માટે પ્રેરણા પૂરી પાડવી જોઈએ જેથી મોટો થતાં તેનામાં સ્વાવલંબનનો ગુણ વિકસે. આ રીતે જ આપણો પરિવાર પ્રસન્ન પરિવાર બની શકશે.

– કુ. મીનાક્ષી પટેલ

## શિક્ષક માટે શાળા પ્રસન્ન પરિવાર ન બની શકે...?

પ્રસન્ન પરિવાર – આ વાત સાંભળતા જ આપણી આંખો સામે આપણું કુટુંબ જેમાં માતાપિતા, પતિ, બાળક, સાસુ, સસરાં, નણંદ વગેરેની છબી તરવરી ઉઠે છે. પરંતુ પરિવાર ફક્ત કુટુંબના સભ્યોથી જ નથી બનતું. પરંતુ વિવિધ સ્થળો પર આત્મીયતાથી જોડાયેલા લોકોથી પણ પરિવાર બને છે. જેમકે શાળામાં વિદ્યાર્થીઓ અને વાલી સાથે આત્મીયતાનો ભાવ એક અલગ પરિવારની ભાવના જન્માવે છે. સ્ટાફરૂમમાં અન્ય શિક્ષકો તેમજ ટ્રસ્ટી સાથે પણ સહકારની ભાવનાથી પોતાનાં કુટુંબ (પરિવાર) તરીકેનો અનુભવ થાય છે. જયારે આપણે મુસાફરી કરતાં હોય ત્યારે ટ્રેનમાં કે બસમાં થોડાં કલાકોનો આજુબાજુનાં લોકો સાથેનો આદર અને માનનો ભાવ પણ એક પરિવાર જેવો જ હોય છે. આમ પરિવારનાં વિવિધ સ્વરૂપ જોવા મળે છે. જેમાં દરેક વ્યકિત એકબીજા સાથે લાગણીનાં સંબંધે જોડાયેલો હોય છે અને જયાં લાગણી અને માનના સંબંધ જોડાયેલાં હોય તે પરિવાર હંમેશા સુખનો અનુભવ કરે છે.

આ દરેક પરિવારની સમયમર્યાદા અલગ અલગ હોય છે. પરિવારમાં જોડાયેલાં દરેક સંબંધ એક અલગ છાપ ઉપસાવે છે. જેમાં કેટલાંક સંબંધ મીઠાં સસ્મરણો બની જીવનભરનાં સંભારણા બની જાય છે. શાળામાં બનેલાં વિદ્યાર્થી અને વાલી સાથેનાં સંબંધો થોડાં સમય પૂરતા જ હોય છે. પરંતુ તે હંમેશા સારી યાદ બની જીવનમાં આપણી સાથે જોડાયેલાં રહે છે. મુસાફરી દરમિયાન બનેલાં સંબંધ થોડાક કલાકો પૂરતાં જ હોય છે પરંતુ તે પણ ઘણીવાર આપણને જીવનમાં એવી વાતો શીખવી જાય છે જે જીવનપર્યંત આપણને ઉપયોગી બને છે. એ જ રીતે એક શિક્ષકનો પરિવાર તેની શાળા છે. એક શિક્ષક પોતાનાં બધાં સંબંધોને ઘરે મૂકી નવા સંબંધોને ગતિ આપવા શાળામાં આવે છે ત્યારે શાળામાંના વિદ્યાર્થીઓ, અન્ય શિક્ષકમિત્રો તેમજ સંચાલક સાથેના સારા–નરસા પ્રસંગોએ પોતાનો દિવસ પસાર કરે છે. આમ શિક્ષક માટે તેનો પરિવાર તેની શાળા છે. જયાં તેને દરેક સંબંધ ભાઈ, બહેન, મિત્ર, માતા, પિતા અને બાળક મળે છે. જે સ્થળે એક વ્યકિતને પોતાનાં બધાં જ સંબંધો એકી સાથે મળે છે ત્યાં તે લાગણીથી જોડાઈને પોતાનો દિવસ પસાર કરે છે. તો શું શિક્ષક માટે તેની શાળા એક પ્રસન્ન પરિવાર ન બની શકે !!!

– શ્રીમતી સ્વાતિ પટેલ

## પ્રસન્ન પરિવાર

પરિવારનો સાદો અર્થ પરિ એટલે આજુબાજુનું અને વાર એટલે તંદુરસ્ત વાતાવરણ. આ તો વાત થઈ ફક્ત પરિવારની પરંતુ આ પરિવાર પ્રસન્ન બનાવવા ઘણી બાબતોનો સમન્વય જરૂરી છે.

પ્રસન્ન પરિવાર માટે
વાલી એ ઈંટ,
શિક્ષકે કડિયો અને
વિદ્યાર્થીએ પાણી, રેતી અને સિમેન્ટ બની

પ્રસન્ન પરિવારની મજબૂત ઈમારત બનાવવાની છે. પરિવાર શબ્દ ઘણો પ્રચલિત છે. ઘરનો પરિવાર એટલે ઘરના દરેક સભ્યોનો ગણ. જેમ સૂર્યમંડળના પરિવારના સભ્યો ગ્રહો, ઉપગ્રહો, ધૂમકેતુઓ, ઉલ્કા અને ઉલ્કાશીલા છે. પરિવારમાં દરેક સભ્યનું તેની જગ્યાએ આગવું મહત્વ રહેલું છે. વડીલ વ્યકિત ઘરનું સંચાલન

*There is no cure for laziness but a large family helps.*

*- Herbert Prochnov*

કરે, બીજા બધા સભ્યો તેમની ફિલોસોફીને અનુસરે પરંતુ વાત અહિંયા પૂર્ણ થતી નથી. અહિંયા નાનામાં નાના બાળકની ઉપસ્થિતિ પણ એટલી જ મહત્વની છે. ઉદાહરણ તરીકે આજના જમાનામાં ખડખડાટ હસવાનું ઓછું થઈ ગયું છે. મોટા શહેરોમાં લોકો લાફીંગ કલબના સભ્યો બની હસવા જાય છે પરંતુ પ્રસન્ન પરિવારમાં નાના બાળક સાથે રમતા રમતા વડીલો ખડખડાટ હસી શકે છે. માટે તેમનું સ્વાસ્થ્ય નિરોગી રહે છે. નાની નાની બાબતો લાંબા ગાળે ઘણી ફાયદારૂપ બને છે. શિક્ષણમાં પણ પ્રસન્ન પરિવાર આવશ્યક છે. તેના સ્થાન પર તે કેવી ભૂમિકા ભજવે છે તેનાં પર પરિવારની પ્રસન્નતાનો આધાર રહેલો છે.

સંખ્યામાં એક જ અંકની સ્થાન પ્રમાણે સ્થાનકિંમત હોય છે તેમ પરિવારમાં એક જ વ્યકિતની જુદી જુદી જગ્યાએ અલગ–અલગ કિંમત હોય છે.

વર્ગમાં શિક્ષક–વિદ્યાર્થીઓનો એક પરિવાર છે. શાળાના કાર્યક્રમમાં – વિદ્યાર્થીઓ – શિક્ષકો – સુપરવાઈઝર – આચાર્ય એક પરિવાર છે.

રિક્ષામાં શાળાએ આવતાં બાળકો માટે રિક્ષામાં આવતાં વિદ્યાર્થીઓ અને રિક્ષા ડ્રાઈવર એક પરિવાર છે. સોસાયટી અને શેરીમાં રમતાં બાળકોનો એક અલગ પરિવાર.

ટયૂશનમાં જતાં બાળકોનો પરિવાર. આમ, પરિવાર ઘણા બધા હોઈ શકે. શિક્ષણ જગતમાં પ્રસન્ન પરિવારનો આધાર કડિયારૂપી શિક્ષક પર રહેલો છે. તે જેટલો ઉત્સાહી તેટલો તેનો પરિવાર વધુ પ્રસન્ન.

એક તાજો પ્રસંગ યાદ આવે છે. ધો.૭માં ગણિતના નવા પાઠયપુસ્તકમાં 'બેન્ક'નું પ્રકરણ છે. આ પ્રકરણ મેં નાટક દ્વારા શીખવવાનો પ્રયત્ન કર્યો. દરરોજ બધાને જુદાજુદા રોલ આપતો ગયો. આ નાટકમાં વિદ્યાર્થીઓએ કમાલ કરી. વિદ્યાર્થિની ધ્રુવી શાહ કામવાળી તરીકેની ભૂમિકા ખૂબ ઉત્સાહથી ભજવી. તેવી જ રીતે તપન કે. ભોજાણીએ પટાવાળાનો સુંદર અભિનય કર્યો. આ નાટકમાં ધો.૭ અ/બના આશરે ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ પ્રાર્થના કાર્યક્રમથી વર્ગમાં જબરજસ્ત પ્રસન્નતાનો માહોલ વ્યાપી ગયો. આ પ્રસંગથી આઠમો તાસ હોય કે પ્રોક્ષી હોય તો પણ વિદ્યાર્થીઓ શોખથી ભણતાં. આવા તો અનેક ઉદાહરણ છે.

આ તકે કહેવાનું મન થાય કે, આજના યુગમાં સૌથી મોટી જરૂરિયાત છે કે 'વાલી–શિક્ષક પ્રસન્નતાથી વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નોનો ઉકેલ આવે'. શાળા સંચાલનને લગતા પ્રશ્નોનો ઉકેલ આચાર્ય–વાલીશ્રી વચ્ચે ચર્ચા દ્વારા ઉકેલાય. તો એક સુંદર પ્રસન્ન પરિવારનો સેતુ બંધાય જ. આ સેતુથી વિદ્યાર્થીના વાણી, વર્તનમાં સુધારો લાવી શકાય અને શૈક્ષણિક પ્રગતિ પણ ચોક્કસ થઈ શકે.

– શ્રી અતુલ પટેલ

## Opinion

*From the 51st issue onwards Maitri-Setu is now online. We give below an excerpt of an e-mail sent by Mr. Sai Raval, (ex-teacher) who has settled in the USA.*

I am very happy to see our Maitri Satu on line.

GREAT JOB !!!

Congratulations to Sarojben for devoting her 15 years to OUR AMITY FAMILY !

I really like the article on stress and tension about exam. It is very time oriented and selection of different articles are very much based on the demand of time. You have shown some excellent ways to reduce stress during exam. I hope that ALL students must have read this BEFORE their final exams.

***- Mr. Sai Raval, Atlanta, U.S.A.***

*Men are what their mothers made them.*

*- Emerson*

## જાન્યુઆરી – ૨૦૧૦

૧૦ અને ૧૭ પ્રવેશ કસોટી – વૈજ્ઞાનિક યુગમાં વિદ્યાર્થીઓ અભ્યાસ ઉપરાંત વિજ્ઞાનના વિષયને વધુ સારી રીતે સમજી શકે તે હેતુથી વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર આયોજીત 'ગુજરાત સાયન્સ ઓલમ્પિયાડ' (G.S.O.) પરીક્ષાનું આયોજન – શાળાના ૨૯૫ વિદ્યાર્થીઓ સહભાગી.

## ફેબ્રુઆરી – ૨૦૧૦

૪ 'માતૃભાષા વંદના યાત્રા – નરસિંહથી નર્મદ' (જૂનાગઢ થી સુરત) કાર્યક્રમ અંતર્ગત ખ્યાતનામ ચિંતક ગુણવંત શાહ, ડૉ. ભદ્રાયુ વછરાજાની તથા અન્ય મહાનુભાવો શાળામાં પધાર્યા. શાળા તથા બી.એડ્.ના વિદ્યાર્થીઓએ ગુજરાતી સાહિત્યના વિવિધ કવિઓ અને લેખકોની વેશભૂષામાં મહેમાનોનું સ્વાગત કર્યું.

૮ ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી આયોજિત 'ગુજકોસ્ટ કિવઝ'માં શાળાની માધ્યમિક અને ઉચ્ચ. માધ્ય. વિભાગની ટીમોએ સતત ચોથીવાર ભરૂચ જિલ્લાનું રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કર્યું. માધ્યમિક વિભાગ – ધેનુકા એમ. પટેલ, શિવાની બી. મિસ્ત્રી (ધો.૧૦) તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ – અસીમ વાય. પટેલ, દેવાંગ બી. સિંધા (ધો.૧૨) ભાગ લીધો. ઉચ્ચતર માધ્યમિક વિભાગની ટીમે સમગ્ર રાજયમાં તૃતીય સ્થાન મેળવી શાળાનું તથા ભરૂચ જિલ્લાનું ગૌરવ વધાર્યુ.

૯ ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને શ્રી ગટ્ટુ વિદ્યાલય, અંકલે□રના સંયુકત ઉપક્રમે યોજાયેલ "Science is Fun" અંતર્ગત પ્રદર્શન તથા વિવિધ વિજ્ઞાન વિષયક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળામાંથી 'પોસ્ટર મેકીંગ સ્પર્ધા'માં રાવલ અવનિશ કે. (ધો.૯–અ), પરમાર ધૃતિ વાય. (ધો.૯–અ), પટેલ ધરતી એસ. (ધો.૭–અ), માસ્ટર વિધિ (Std. IX)(પ્રોત્સાહક ઈનામ) 'ડિબેટ સ્પર્ધા'માં દવે હર્ષ એસ. (ધો.૧૧ વિ.પ્ર.), વિવેકી કેશા એન. (Std. XI Sci.) 'ચિત્ર સ્પર્ધા'માં જાદવ નિહારિકા (Std. VIII)(પ્રોત્સાહક ઈનામ), સોની જેનીલ (Std. VIII-B) એરોનોટિકસ્માં ઉત્તમ દેખાવ રહ્યો.

૧૦ Mathematics Wizard Competition was organised. Children were made to solve sudoku puzzles and mental mathametics.

૧૯ Teaching English Poetry – શાળાના અંગ્રેજી વિષયના શિક્ષકોને ડૉ. સુલભા નટરાજન (Principal, The Waymade College, V.V.Nagar) દ્વારા તાલીમ આપવામાં આવી.

૨૦ ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા (ડાયરેકટર, એચ. એમ. પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લીશ, વલ્લભ વિદ્યાનગર) અને ડૉ. પીયૂષ જોશીએ "Role of Education in New Age" વિષય પર શાળાના શિક્ષકોને તાલીમ આપી. અંગ્રેજી ભાષાના મહત્વ વિશે પણ ચર્ચા થઈ.

૨૦ ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ – અતિથિ : ડૉ. પીયૂષ જોશી (પૂર્વ અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, સ.પ. યુનિ., વિ.વિ.નગર)એ વિદ્યાર્થીઓને જીવનમાં સફળ થવાની જડીબુટ્ટી શીખવાડી, મૈત્રીસેતુ અંક–૫૧નું 'પરીક્ષા વિશેષાંક'નું વિમોચન કર્યું.

૨૧ ઍમિટી મધર્સ કલબ આયોજિત 'મધર્સ સ્પોર્ટસ ડે'ની ઉજવણી મુખ્ય મહેમાન : શ્રીમતી પીલુબેન જીનવાલા (પ્રમુખ, ઈનરવ્હીલ કલબ, ભરૂચ).

વિજેતા મમ્મીઓ –

લીંબુ ચમચી – ૧. અલ્પાબહેન, ૨. ઈલાબહેન, ૩. જયોત્સનાબહેન, ૪. રેણુકાબહેન

નંબર ગેમ – ૧. અર્ચનાબહેન જોશી, ૨. ક્રિષ્ણાબહેન પટેલ, ૩. દિનાબહેન શાહ, ૪. પ્રીતિબહેન દત્તા

૮૦ મીટર દોડ – ૧. હેતલબહેન વાઘેલા, ૨. સંગીતાબહેન પટેલ, ૩. ગાયત્રીબહેન પટેલ

૨૩ ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળાના શુભેચ્છક અને પૂર્વ વાલીશ્રી રાજેન્દ્ર વાડિયાનું પ્રવચન.

૨૪ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી ધો.૧ થી ૯ નાં વિદ્યાર્થીઓ માટે Budding Scientist શીર્ષક હેઠળ વિવિધ સ્પર્ધાઓ યોજાઈ.

## માર્ચ–૨૦૧૦

૨૦ ઍમિટી બી.એડ્. તથા પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓનો દીક્ષાંત સમારોહ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ડૉ. વિજયભાઈ જોશી (પ્રાચાર્યશ્રી, એમ. કે. કોમર્સ કોલેજ, ભરૂચ)ના મુખ્ય મહેમાનપદે યોજાયો.

*The great advantage of living in a large family is that early lesson of life's essential unfairness.* - *Nancy Mitford*

## એપ્રિલ–૨૦૧૦

૨૧ Prize Distribution of CBSE (Std. I to IX) : The students were felicatated for their achievements in the scholastic and co-scholastic fields. Those mainting regularity were also awarded for their diligence of attaining 100% attendance. The children received an impetus from the experiences shared by the Chief Guest Mr. Bhagyendra Patel (Asst. Editor, Gujarati Dept. National Book Trust, New Delhi)

૨૩ નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હી અને ઍમિટી શાળાના સંયુકત ઉપક્રમે વિ□ પુસ્તકદિન નિમિત્તે 'પુસ્તક પર્વ'નું આયોજન કરવામાં આવ્યું જેનું ઉદ્‌ઘાટન પ્રખ્યાત લેખક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના વરદ્‌હસ્તે થયું.
<u>પ્રથમ બેઠકના વકતાઓ</u> – મીનલ દવે, ડૉ. મિનાક્ષી ઠાકર વિષય : પુસ્તક બોલે છે, સાંભળો જી!
<u>બીજી બેઠકના વકતાઓ</u> – પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, પ્રો. હર્ષદ ત્રિવેદી વિષય : પુસ્તક ન હોત તો!
<u>તૃતીય બેઠક</u> – અધ્યક્ષશ્રી રણછોડ શાહ; વકતાઓ – શ્રી કૃષ્ણકાંત ઉનડકટ, ડૉ. હિમાંશી શેલત, ડૉ. નિરંજન રાજયગુરુ વિષય : પુસ્તક એટલે કલ્પવૃક્ષ

૨૪ As a part of the Inservice Educators Training, Mr. Naresh Kapadia of Surat addressed the mentors on the information related to E-Awareness and its uses in the field of education. He then presented the rise and fall of the Superstar of this era Rajesh Khanna via a power point presentation. Mr. Mahendra Solanki assisted him.

## મે–૨૦૧૦

૧ ગુજરાત સ્થાપનાના ૫૦માં વર્ષે PRL અમદાવાદના જુનિયર વૈજ્ઞાનિક વિશાલ જોશીએ શાળામાં ઉપસ્થિત રહી 'વિજ્ઞાનના ઉપયોગ' વિશે વકતવ્ય આપ્યું. ડૉ. વિશાલ જોશી દ્વારા તથા વિદ્યાર્થીઓ દ્વારા એકબીજાને પૂછાયેલ માહિતીસભર પ્રશ્નો નીચે મુજબ હતા.

૧. મેઘધનુષ કેવી રીતે થાય છે? તે અર્ધવર્તુળમાં શાં માટે હોય છે?
(ઊર્મિલા ડાંગા – XI Sci.)

૨. ગલન બિંદુ તથા ઉત્કલન બિંદુ એટલે શું?
(કરણ ભાટિયા – XI Sci.)

૩. શું હવાને પણ ગતિ હોય છે?
(સફવાન – 11 Sci.)

શ્રી વિશાલ જોશી દ્વારા વિદ્યાર્થીઓને પૂછવામાં આવેલા પ્રશ્નો :

૪. સૌથી લાંબામાં લાંબો સજીવ કયો?
(જવાબ – બિલાડીનો ટોપ)

૫. એવી કઈ લિપિ છે કે જે લખાય છે ડાબેથી જમણે અને વંચાય છે જમણેથી ડાબે?
(જવાબ – બ્રેઈલ લિપિ)

૬ વાર્ષિક પરિણામ વિતરણ
૧૦ નેચર સ્ટડી કેમ્પ, આબુ
૧૬ સદ્‌ભાવના પર્વ, મહુવા
૨૦ ભૌતિક વિજ્ઞાનનો વર્કશોપ, કાનપુર
૨૬ ગ્રીષ્મ શિબિર, વોટરપાર્ક, મહેસાણા

## આદર્શ મા–બાપ બનવાની કેળવણી કેમ નથી અપાતી ?

શાળામાં એક બહેન પોતાનું બાળક નાસ્તાનો ડબ્બો ભૂલી ગયું હતું એટલા માટે ગરમા–ગરમ લારી ઉપરથી દાલવડા લઈને આપી જાય છે, શાળામાં બજારું વસ્તુ ખાવા માટે પ્રતિબંધ હતો, બજારૂ અને ગંદી વસ્તુઓ માટે અણગમો ઊભો કરવા સખત પ્રયત્ન કરવામાં આવતા હતા. કારણ કે આ બાબત આરોગ્યને નુકસાન કરે છે. શાળામાં આચાર્યશ્રીને આ વાતની જાણ કરવામાં આવે છે. આચાર્યશ્રી વિચારે છે કે જો આ નાસ્તો બાળકને આપવામાં આવશે તો શાળાના નિયમોનો ભંગ થશે અને જો નાસ્તો આપવામાં ન આવશે તો બાળક ભૂખ્યું રહેશે. અંતે આચાર્યશ્રીએ બાળક પાસે ફોન નંબર લઈ એમના ઘરે ફોન કર્યો સામે બાળકની મમ્મીએ ઘણી દલીલો અને બહાના કરી વાતને સમજાવવા પ્રયત્ન કર્યો. આમેય બાળકો નાના હોય ત્યારથી જ તેમને તંદુરસ્તી જળવાય અને પૌષ્ટિક હોય તેવા ખોરાકની સમજ આપી તે માટે જાગૃતિ કેળવવી જરૂરી છે. માટે આચાર્યશ્રીને

*The happiest moments of my life have been the few which I have passed at home in the bosom of my family.* *- Thomas Jefferson*

એ બાળકના મમ્મીને બીજો ધક્કો ખવડાવવો એ ઉચિત લાગ્યું.

રવિવાર હોય એટલે સાંજે રસોડાની રજા એવી હવા શહેરોમાં ખાસ પ્રવર્તે છે. આ વાત એક રીતે યોગ્ય પણ માની શકય પણ એની સાથે આરોગ્યની અને તંદુરસ્તી પણ એટલી જ મહત્વની નથી ? આજે બહાર મળતા ખોરાકમાં સ્વચ્છતા કેટલી ? પૌષ્ટિક તત્વની વાત તો જાણે બાજુ પર મૂકીએ કારણ કે કમાવા પાછળ ડોળો રાખી ધંધો માંડી બેઠેલા એ માણસોને મન પૌષ્ટિકતાને બદલે એમાંથી કેટલું વધું કમાઈ શકાય એજ મહત્વનું હોય છે. શહેર અને ગ્રામ્યની દરેક શાળામાં રિસેસ કે છૂટી થાય એટલે લારી, ગલ્લા કે આઈસ્ક્રીમ પાર્લર પર બાળકોના ટોળા અચૂક જોવા મળે છે. બાળકોને સારું ને નરસું તેવી સમજ આપવા માટે આજના મા–બાપોમાં જાગૃતિ છે ખરી ? ને પરિણામે એ બાળકો તેમની જ તંદુરસ્તીને, તેમના જ આરોગ્યને તેમની જાતે બરબાદી તરફ ધસડે છે. બાળકોને શાળામાં આ બાબતનું શિક્ષણ આપી એમનું ઘડતર થાય એ માટે સમાજમાં ઘણી શાળાઓ પ્રયત્નશીલ હોય છે પણ જયાં સુધી મા–બાપોમાં આ સમજ ન કેળવાય ત્યાં સુધી શાળામાં ધાર્યું પરિણામ કયાંથી આવી શકે ? અને એટલે જ હવે મા–બાપને આદર્શ મા–બાપ થતાં શીખવવાનું શિક્ષણ એ પણ આજના જમાનાની એક તાતી જરૂરિયાત બની ગઈ છે. ફકત હરવું ફરવું ને મઝા કરવી ધ્યેય વિના કે આદર્શ વિનાનું જીવન જીવવાથી માનવ–માનવ કેવી રીતે બની શકે ? સાધના વિના કયારેય સિધ્ધિ શકય બને ખરી?

(સાભાર : મા–બાપ બનતાં શીખીએ – ડા. ઉર્મિલા શાહ)

## પ્રતિભાવ

ઘરને એક મંદિર સમુ બનાવવાની દરેકને ઈચ્છા હોય છે, પણ તે શકય કયારે બને? તો ચાલો પૂછીએ આપણી જાતને થોડા સવાલો.

૧. ઘરની કોઈપણ બે વ્યકિત વચ્ચે મતભેદ ઉભા થાય ત્યારે આપણે આપણો અહમ્ છોડીને તે પરિસ્થિતિમાં તટસ્થ રહેવાનો પ્રયત્ન કરીએ છીએ?
૨. શું આપણે પોતાનો સ્વાર્થ છોડી ઘરમાં રહેતી બીજી વ્યકિતઓની ઈચ્છા, જરૂરિયાતો, લાગણીઓને પ્રાધાન્ય આપીએ છીએ?
૩. ઘરની દરેક વ્યકિત એકબીજા સાથે ખુલ્લા મનથી વાત કરી શકે છે ?
૪. શું આપણે વડીલોની આમન્યા રાખીએ છીએ ?
૫. શું વડીલો આપણી સાથે રહેવાથી ખુશ છે કે પછી કમને રહે છે ?
૬. શું આપણામાં વડીલોની સારસંભાળ રાખવાની તત્પરતા છે ?
૭. સંતાનો કે ઘરને લગતાં કોઈપણ નિર્ણયોમાં સ્ત્રીઓની ભાગીદારી હોય છે? અથવા તેઓના મંતવ્યો માટે અવકાશ છે?
૮. શું આપણે બાળકોના મિત્રો બની શકીએ છીએ? જેથી બાળક સહજ રીતે બધી વાતો કરે અને આપણી સાથેની વાતોથી બાળક સહજ કાંઈક શીખે ?
૯. બાળકોમાં આપણે જે સદ્ગુણોની આશા રાખીએ છીએ તેનો અમલ આપણે પોતે કરીએ છીએ ?
૧૦. શું આપણે બાળકોમાં સદ્વિચારોનો વિકાસ થવા દઈએ છીએ કે આપણા વિચારો તેઓ પર થોપી દઈએ છીએ ?

આ તમામ સવાલોના જવાબ ઘરમાં રહેતી દરેક વ્યકિત તરફથી હકારાત્મક હોવા ઘટે. શકય છે અમુક સવાલોના જવાબ નકારાત્મક મળે તો તેને હકારાત્મક ફેરવવા માટે ઈ□રે દરેકને શકિત આપી છે. જેને સ્વચિંતન અને સ્વઅધ્યયનથી ખિલવી શકીએ, પણ તેના માટે જરૂર છે અતિ વ્યસ્ત જીવનમાંથી થોડો સમય કાઢી અંતરના અવાજને સાંભળવાની.

– નેહા પરીખ ***(Std. IX)***

*A family is a deeply rooted tree with branches of different strengths all receiving nourishment from an infinite source.* - *Manny Feldman*

## બાળકને તેનું બાળપણ માણવા દો

માર્ચના અંતમાં દિલ્હી એન.સી.ઈ.આર.ટી. તરફથી કાઉન્સેલર માટે યોજાયેલ વર્કશોપમાં ભાગ લેવાની તક મને સાંપડી. ભારતભરમાંથી કુલ ૩૫ કાઉન્સેલરને બોલાવવામાં આવ્યા હતા જેમાં વિષય હતો, 'બાળકની સર્જનાત્મક શકિતને કેવી રીતે ખીલવવી?' આખોય વર્કશોપ ખૂબ સફળ નીવડયો. કારણ કે ચાર દિવસને અંતે ત્યાંથી છૂટા પડતાં ભારતભરના કાઉન્સેલર્સ જીવન પ્રત્યે, બાળક પ્રત્યે એક નવો અભિગમ લઈને વિદાય લઈ રહ્યા હતા.

ત્રણેક વર્ષના નાનકડા બાળકનું પોસ્ટર હતું. જે અંગૂઠા પકડે તેવી રીતે નીચું નમી બે પગ વચ્ચેથી તેની આસપાસની દુનિયાને નિહાળતું સંદેશો આપી રહ્યું હતું, "Look things from my view!" કેટલું સનાતન સત્ય ! આપણે બાળકની દષ્ટિથી જોવાનો કયારેય પ્રયત્ન કરીએ છીએ ખરાં ? બાળક જન્મે છે ત્યારથી તેના ઉછેર પાછળ મચી રહેતાં આપણે એના શારીરિક વિકાસ તરફ જેટલી જાગૃતિ સેવીએ છીએ એનાથી અડધી જાગૃતિ પણ એના માનસિક વિકાસ માટે સેવીએ છીએ ખરાં ? હા, એના બૌદ્ધિક વિકાસ માટે આપણે બધું જ કરીએ છીએ. સરસ ગણાતી સ્કૂલમાં ગમે તેમ કરીને એને પ્રવેશ અપાવવો, અભ્યાસક્રમમાં પારંગત બનાવવો, પરીક્ષામાં સરસ માકર્સ લાવી ગર્વભેર માથું ઊંચું કરી કહેવું, ''મારા ઉલ્લાસને તો ૮૦% માકર્સ આવ્યા, ખૂબ હોંશિયાર છે. એને તો મારે ડોકટર બનાવવો છે.'' પણ આપણી એ પ્રતિષ્ઠા, મહત્વાકાંક્ષા અને અપેક્ષાઓની પાછળ આપણે એવાં કેટલાંય ઊછરતાં, કુમળાં, નિર્દોષ જીવનના ઉલ્લાસને, ઉમંગને મુરઝાવી દઈએ છીએ એનો કયારેય વિચાર કરીએ છીએ ખરાં ?

બાળકના ઉછેરમાં તેના વ્યકિતત્વના સર્વાંગી વિકાસ માટે ધ્યાન તો આપવું જ જોઈએ ને ! એને નિયમિતતા, શિસ્ત આ તો માએ જ શીખવવા પડે અને એટલે જરા જેટલું સમજણું થાય ત્યારથી ઘડિયાળના ટકોરે તેનો નિત્યક્રમ આપણે ઘડી કાઢીએ છીએ. ૩૦ મિનિટ લંચ માટે, ૧૫ મિનિટ કોફી માટે, ને ઈતર પ્રવૃત્તિ માટે ૨૦ મિનિટ. બસ ! ૨૦ જ મિનિટ ઈતર પ્રવૃત્તિ માટે ! બાળકનું મન હળવું કયાંથી થાય ! તેને મનગમતું કરવું ગમે તો ખરું જ. પણ તેને માટેય આટલી નાની ઉંમરથી જ સમયનાં બંધન ! બાળક નાનું હોય ત્યારથી જ આપણે તેના વિકાસના ઓઠા હેઠળ તેને યંત્રવત્, જડ બનાવી દઈએ છીએ, તેની ચેતનાને રૂંધી દઈએ છીએ. સમય ઘણો કીમતી હોય છે. જીવનની અમૂલ્ય પળોને એમ મન ફાવે તેમ વેડફી દેવાય ! ને એમ કરતાં કરતાં તો આપણે બાળકમાં રહેલી સાહજિકતા, Spontaneityને સાવ દાબી દઈએ છીએ. જયારે ડો. રાધાકૃષ્ણને તો બાળક માટે કહ્યું છે : "Don't cripple the spontaneity of the child" અને આવા સમયના જડ ટાઈમટેબલ સામે બંડખોર બની બાળકનું મન કયારેક પોકારી ઊઠે છે : Any time-schedule for mistakes? ભૂલ કરીને તેમાંથી જીવનમાં શીખવા માટે કોઈ સમય આપણે ફાળવીએ છીએ ખરાં ? આપણે તો ઈચ્છીએ છીએ કે બાળકે આપણે પાડેલી કેડી પર ચાલવું જોઈએ. કારણ આપણા અનુભવનો તેને લાભ મળે. પણ બાળકનું મન પોકારે છે, ''કોઈએ પાડેલ કેડી પર ચાલવાનો આનંદ કયાં? અને કાંટાની વેદના સહન કરી પોતે પાડેલી કેડી પર ચાલવાનો આનંદ કયાં?''

પણ આપણે બાળકને તેની સ્વતંત્રતા કયાં આપીએ છીએ? બાળકને આપણે બાળક તરીકે, જીવંત બાળક તરીકે, ચેતનાના એક સ્ત્રોત તરીકે કયારેય ખીલવા દઈએ છીએ ખરાં ? આપણે તો તેને યંત્ર જ બનાવવા મથીએ છીએ અને આપણી પોતાની જાતને છેતરતાં સંતોષ માનીએ છીએ, ''આપણે બાળક માટે કેટલાં બધાં સજાગ છીએ ! આપણે તેને માટે કેટલું બધું કરીએ છીએ!'' પણ એ જ બાળકને પૂછો એ તમને કેવી રીતે મૂલવે છે!

આઠ વર્ષની દીદીને છ વર્ષનો ભાઈ એક દિવસ મુકત મને તેના મનની મૂંઝવણ કહી રહ્યો તો, ''દીદી, મમ્મીએ વારંવાર સ્કૂલમાં આવી મારી છાપ એક બહુ જ ડાહ્યા અને હોંશિયાર છોકરા તરીકે પાડી છે. એટલે મારે વધુ ભણવું તો પડે જ છે. પણ બીજાં છોકરાં તોફાન કરતાં હોય તે જોઈ મનેય કોઈ દિવસ તોફાન કરવાનું મન ન થાય !''

બાળકને આપણે તેનું બાળપણ માણવા દઈએ છીએ ખરાં? ''બાળક એટલે તો બાળારાજા'' એમ આપણે અવારનવાર વ્યકત કરીએ છીએ પણ તેને તેવી રીતે ઊછરવા દઈએ ખરાં ! આપણે ઈચ્છીએ તેમ, આપણે માનીએ તેમ, આપણાં જ ધારાધોરણો પ્રમાણે તેને વર્તવાની આપણે તેને સતત ફરજ પાડીએ છીએ. ''બાળકનું સમાજિકરણ કરીએ છીએ'' પણ તેની મુકત અભિવ્યકિતને આપણે કયારેય તક

*A family is where all members contribute and share, cooperate and work, and accept their responsibilities toward the good of the group.* - *Manny Feldman*

આપીએ છીએ ખરાં ? આપણે તેને મશીન બનાવી દઈએ છીએ, આપણે ચાવી દઈએ ને ધારીએ તેમ બિચારું નાચ્યા કરે, ડોલ્યા કરે, બોલ્યા કરે, ચાલ્યા કરે, ને પાછાં ખુશી થતાં ગર્વ લેતાં ઘરે કોઈ મહેમાન કહીએ છીએ : 'અચ્યુત, દાદાને નમસ્તે કરો બેટા ! બહુ ડાહ્યો દીકરો છે !' પણ એ ડાહ્યા તરીકે તેણે ખપવું છે ખરું ? એને એવા કહ્યાગરા થવું છે ખરું ? બાળકની દષ્ટિએ આપણે કયારેય બાળકને અને તેની આસપાસની દુનિયાને મૂલવવાનો પ્રયત્ન સુધ્ધાં કરીએ છીએ ખરાં ?

અને પછી નિરાશામાં નિસાસા સાથે સાથે માથે હાથ દઈને કયારેક હૈયાવરાળ ઠાલવતાં કહીએ છીએ : એટલો ઉધમાતિયો છે, ઘડીય જંપીને બેસતો જ નથી. એનાથી તો થાકયા, કોણ જાણે મોટો થઈને શું કરશે ? પણ અખૂટ શકિતનો ભંડાર એ બાળકમાં પડેલો છે. એને ઉંમરને યોગ્ય પ્રવૃત્તિ જો આપણે ન આપી શકીએ તો એ શકિત પ્રવૃત્તિને બદલે ઉત્પાત થઈ નકામે માર્ગે વહી જવાની છે ને આપણને તંગ કરવાની જ છે. ઈ□રે બાળકમાં જિજ્ઞાસાવૃત્તિ મૂકી છે એને પાંગરવા દેવાની વાત તો બાજુ પર રહી પણ આપણે તેને કયારેય પ્રશ્ન પૂછવા દઈએ છીએ ખરાં ? અને કયારેક પ્રશ્ન પૂછે તો એની બુદ્ધિને, એની જિજ્ઞાસાવૃત્તિને સંતોષ મળે એવા ને એટલા જવાબ આપવાની આપણે માબાપ કે શિક્ષક તરીકે ક્ષમતા ધરાવીએ છીએ ખરાં ? બાળકને પ્રશ્નો પૂછવા દો ! કદાચ એની બુદ્ધિને, એની જિજ્ઞાસાને તમે પહોંચી ન શકો ને જવાબ યોગ્ય રીતે ન આપી શકો તે શકય છે, છતાંય તેની જિજ્ઞાસાવૃત્તિને તો દાબી ન જ દો. તેને પ્રશ્નો પૂછવા દો. તેની જિજ્ઞાસાવૃત્તિને સતત જાગ્રત રહેવા દો. તેને મૂરઝાવી ન દો. તેમને તેમની ભૂલોમાંથી પણ શીખવા દો. ખોરાક ચાવ્યા વિના જેમ પચે જ નહીં ને તેનો સ્વાદ મણાય પણ નહીં તેમ ભૂલ કર્યા વિના જીવનમાં પ્રગતિનો આનંદ માણી ન જ શકાય. પણ આપણે તો આજકાલ readymadeના યુગમાં અને fast-foodના યુગમાં જીવી રહ્યાં છીએ અને એટલે આપણે બાળકને પણ તૈયાર જ, મગજ સુધી ઝટપટ પહોંચાડી દેવાની ફરજ પાડીએ છીએ. એ જ્ઞાનએ કયાંથી પચાવી શકે ! ને પછી આપણે ફરિયાદ કરીએ છીએ. આજની નવી પેઢીમાં છીછરાપણું (Shallowness) બહુ આવી ગયું છે ! પણ તેને માટે જવાબદાર કોણ ? જિજ્ઞાસા સતેજ થશે તો જ તેની વિચારશકિત ખીલશે અને એટલે જ કાર્લ માકર્સ જેવા ચિંતકે સત્ય કહ્યું છે, "You should listen the child, you should not impose your ideas on him" જૂની ઘરેડમાંથી આપણે બહાર આવવું જ પડશે. બાળકને તેનું બાળપણ માણવા દો. તે આપોઆપ ખીલશે, પાંગરશે, પ્રગતિ પામશે.

(સાભાર : 'બાળકને સમજીએ' – ડૉ. ઊર્મિલા શાહ)

## વર્ગખંડ એજ મારો પ્રસન્ન પરિવાર

હસતાં, રમતા, નાચતા, કૂદતા કુટુંબના સભ્યોનો ઉલ્લાસભર્યો સહવાસ મળે છે ત્યારે બને છે એક પ્રસન્ન પરિવાર. જે સુખમાં પણ સાથે અને દુઃખમાં પણ સાથેને સાથે જ હોય. એજ રીતે નિખાલસ, નિર્મળ અને નિર્દોષ ચહેરાઓ સાથેનો બાળકોથી ધમધમતો વર્ગખંડએ પણ પરિવાર જ કહેવાય ને ! આ પરિવાર એવા ત્રિવેણી સંગમથી જોડાયેલો છે જેમાં બાળક, વાલી અને શિક્ષક જ માત્ર હોય છે. એમાં બાળકો પણ એવો અહેસાસ કરે છે કે એજ મારું ઘર છે. શિક્ષક મારી માતા છે. મારા સાથીમિત્રો પરિવારના સભ્યો છે. આવા ''वसुधैव कुटुम्बकम्''ની ભાવનાને વરેલા વર્ગખંડમાં આત્મીયતાની સાથે સાહજિકતાથી તે પોતાના હૃદયની વાત શિક્ષક સાથે કરી શકે છે. હસતાં–હસતાં, રમતાં–રમતાં અને કયારેક લડતા ઝઘડતા જુદા જુદા વિષયો પ્રત્યે રસ દાખવી પોતાના વ્યકિતત્વની આગવી ઓળખ ઊભી કરી શકે છે. જેના પરિણામે તેમનામાં ખેલદિલીની ભાવના, સહકારની ભાવના આપોઆપ વિકસે છે.

આવા વર્ગખંડરૂપી પરિવારમાં બાળકોની મીઠી બોલીના મહિમાની સાથે–સાથે તેમના મૌનનો પણ એટલો જ પ્રભાવ હોય છે જેના સાંનિધ્યમાં બાળક સુખની ચરમસીમા અનુભવે છે.

બસ એજ મારો 'वसुधैव कुटुम्बकम्' થી સંપન્ન થયેલો ઍમિટીઅન પરિવાર.

ન ધરા સુધી ન આકાશ સુધી
ન અંધકાર સુધી ન પ્રકાશ સુધી
મારે તો બસ પહોંચવું છે
માત્ર બાળકના મન સુધી...

– શ્રીમતી જાગૃતિ મહેતા

*A family is where character is formed, values are learned, ethics are created, and society is preserved. - Manny Feldman*

## પરિપકવતા કોની ? મા–બાપની કે બાળકની

વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ પોષાય, ઈતર વાચનની ક્ષિતિજો વિકસે, તેમના ચારિત્ર્યનું ઘડતર થાય, એ બધાં માટે અભ્યાસક્રમ સિવાયનું વાંચન પણ ખૂબ ઉપયોગી છે અને એટલે જ શાળા દ્વારા દરવર્ષે પૂરકવાચન રૂપે એક નવા જ પુસ્તકોની પસંદગી કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ ૧૦૦% શાળામાં હાજરી આપે એને પુસ્તકો આપી સન્માનવામાં આવે છે. વિદ્યાર્થી વધુ માર્કસ લાવે તો પણ પુસ્તક આપી સન્માનવાનો રિવાજ શાળાની પ્રણાલી બની ગઈ છે. એક શિક્ષિકાએ વર્ગખંડમાં જાહેરાત કરી કે તમને આપવામાં આવતા લાઈબ્રેરીના પુસ્તકોમાંથી જે વધુ પુસ્તકો વાંચે તેને પ્રોત્સાહનરૂપે ઈનામ આપવાં અને તે ઈનામો પણ એટલે જ આકર્ષક નક્કી કર્યા કે જેથી વિદ્યાર્થીઓ વધુને વધુ ઈતર વાચન તરફ પ્રેરાય.

આટલી સારી ભાવનાથી ઘડી કઢાયેલી આ યોજનાની વાત રિયાએ જયારે મમ્મીને કરી ત્યારે તેની મમ્મીને તે યોજનાની ઊજળી બાજુ જોવાને બદલે તેમાંથી કેટલીક ગેરરીતિઓની શકયતા છે, તેવો જ વિચાર પહેલો આવ્યો. એટલે જ એમણે નિઃસાસો નાખ્યો હતો કે કોણ ચોપડી વાંચશે ને કેવું ઈનામ મળશે ? માનવ સ્વભાવની આ કેટલી મોટી વિષમતા છે!

જેમને માટે આ યોજના ઘડી કાઢવામાં આવી તે નિર્દોષ વિદ્યાર્થીઓ તો કેટલાં ખુશ હતાં કે કેટલી સરસ ચોપડીઓ વાંચવા મળશે. અરે, કદાચ ઈનામ પણ મળશે ! ઈ□રે માનવ માત્રમાં માલિકીની વૃત્તિ મૂકી છે અને એટલે નાના બાળકને પણ ગમે તેવા વિશાળ પુસ્તકાલયની વચ્ચે મૂકી દો, એ અસંખ્ય પુસ્તકો વાંચી શકશે અને છતાંય તેને પોતાનું એકાદ પુસ્તક પણ હશે તો તે તેની અણમોલ મૂડી થઈ રહેશે. એને મન થશે ત્યારે તે ખોલી તેમાં એકરૂપ થઈ જશે તેની સાથે તાદાત્મ્ય સાધી શકશે અને એટલે જ એ વધુ પુસ્તક વાંચવાની સ્પર્ધા ગોઠવી.

''આજે સરસ ભણી લે તો એક નવી પેન્સિલ કે પેન આપીશ'' બાળકને પ્રેરણા આપવા આપણે કેટલીય વાર આવી પ્રલોભન યોજના તો કરીએ છીએ ને ! આ યોજના પાછળ હંમેશા ધ્યેય માત્ર એક જ હોય છે કે કાંઈક કરતાં બાળકની પ્રગતિ સધાય, તે આગળ વધે, તેનું ઘડતર થાય, પણ કોણ જાણે કેમ, આપણે ત્યાં કેટલાંકના મગજ જ એવી દિશામાં કામ કરતાં હોય છે કે તેમને સારી કરતાં પહેલાં ખરાબ વસ્તુ જ દેખાય છે. બાળકોને અભ્યાસ સિવાયની ઘણી પ્રવૃત્તિઓ કરવી છે. પરંતુ આપણે વડીલો સાચા લક્ષ્યને ભૂલી આ ઈનામના લક્ષ્ય તરફ જ તેનું ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. જેમ આજના શિક્ષણમાં જ્ઞાનને બદલે ફકત ડિગ્રી જ લક્ષ્ય બની ગઈ છે ને પરિણામે વિદ્યાર્થી અભ્યાસલક્ષી મટી માકર્સલક્ષી બની ગયો છે. એવું જ આપણે વડીલો કરીએ છીએ. જયારે ને ત્યારે લાભને ગેરલાભની, ફાયદાને ગેરફાયદાની જ ગણતરી મૂકયા કરીએ છીએ. એમાં ને એમાં કોઈપણ યોજનાની પાછળનો મૂળ હેતુ વિસરાય જાય છે ને નહીં ધારેલી, નહીં કલ્પેલી એવી પરિસ્થિતિનું સર્જન કરીએ છીએ. ઓછી મહેનતે વધુ લાભ, જીવનનો આ અભિગમ માણસને માણસ રહેવા દે છે ખરો?

નાનકડી મીના શાળામાં બે દિવસ ગેરહાજર રહી. ગેરહાજરીનું કારણ શાળા ડાયરીમાં બીમારીનું જણાવેલ હતું. એથી મીનાના માથા પર હાથ ફેરવતાં પૂછયું, ''બેટા, સાચું કહે શું થયું હતું?'' નાનકડી મીના કહે ''ટીચર, મેં મમ્મી–પપ્પાને ના કહ્યું હતું કે મારે માસીના ઘરે લગ્નમાં નથી આવવું પરંતુ લઈ ગયા અને કહ્યું ટીચરને કહેજે બીમાર થઈ હતી'' નિર્દોષ મીનાને આમાં શું સારું ને શું ખરાબ તેવું વિચારવા જેટલી ક્ષમતા જ કયાં હતી? ખોટું બોલવાથી મીનાને અસહ્ય આઘાત લાગ્યો. પણ તેને માટે જવાબદાર કોણ?

માતૃત્વ પ્રાપ્ત કરવું એ બહુ સાહજિક છે પણ એક વખત માતા કે પિતા બન્યા પછી સંતાનોના ઉછેરમાં ઘણી નાનીનાની બાબતોનું ધ્યાન આપવું જરૂરી બની રહે છે. બાળપણથી જ સંતાનોને આવી કેટકેટલીય આચારસંહિતાઓ શીખવવાની હોય છે, પણ એ શીખવાય કેમ? મા–બાપ કે શિક્ષક જયાં સુધી એ આદર્શો, એ આચારસંહિતા કે વાંચનની ટેવ તેમનાં જીવનમાં જ ન ઉતારે ત્યાં સુધી સંતાનમાં તે પાંગરે તેવી અપેક્ષા કઈ રીતે રાખી શકે? જો મા–બાપ કે શિક્ષિકો જ છીછરાં હશે, તેમનામાં જ પૂરી પરિપકવતા નહીં હોય, તો તેમનાં સંતાનો શાને આધારે સંસ્કારિતા પ્રાપ્ત કરશે?

– શ્રીમતી કિનાક્ષી રાજ

*A mother is a person who seeing there are only four pieces of pie for five people, promptly announces she never did care for pie.* - *Tennera Jordan*

# BRAIN TEASERS

## SUDOKU CHALLENGE


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | | 4 | 5 |
| 9 | | | | 7 | | 3 | | |
| | 4 | 6 | 2 | | | 8 | | |
| | 6 | 2 | | | 7 | 9 | | |
| | | | 3 | | 8 | | | |
| | | 3 | 9 | | | 2 | 8 | |
| | | 9 | | | 3 | 5 | 2 | |
| | | 1 | | 8 | | | | 9 |
| 2 | 3 | | 1 | | | | | |

To solve a Su Doku puzzle, every digit from one to nine must appear in each of the nine vertical columns, in each of the nine horizontal rows and in each of the nine boxes.

## ALPHA TRIANGLE

Beginning at the top move towards the botton seven letter word by adding a letter at each step and rearranging. A correct and different word must be made at each step answering to the clue given.

**1.** Victory sign, **2.** Hospital drip, **3.** Contend with, **4.** Immorality, **5.** Pertaining to Sanskrit scriptures, **6.** Gadget, **7.** Threw out




## QUOTE UNCODE

This puzzle is a substitution cipher in which one letter stands for another. If you think that Q equals C, it will equal C throughout the puzzle. Single letters, short words and words using a apostrophe give you dues to location vowels Solution is by trial and error.

***TODAY'S CLUE : E EQUALS W.***

EXPQ CVAO SQ NZVMSQ P YPF SM XA WPSFO QXA EXVIA EVZIC PFC IVOAD XSO VEF OVGI?

## FAST FIVE

How long do you think it will take you to unscramble the ten words shown below and fit them correctly into the grid in the order given? One letter has already been entered to get you started. On your marks, get set...

| **ACROSS** | **DOWN** |
|---|---|
| 1 FETAS | 1 RIFTS |
| 6 IN PET | 2 ALINE |
| 7 RESIN | 3 OR TEN |
| 8 POOLS | 4 POMES |
| 9 MR SET | 5 PESTS |

## GO FIGURE

Place the four numbers in the first, third, fifth and seventh boxes and whatever operators you care to use in the second, fourth and sixth boxes in the correct order to get the answer. Use the numbers only once.

***The operators : [ ÷ x + - ]***

**EASY**

☐☐☐☐☐☐☐ = 41

1 3 5 5

**MEDIUM**

☐☐☐☐☐☐☐ = 43

3 4 4 9

**HARD**

☐☐☐☐☐☐☐ = 4

1 4 6 6

*All happy families resemble one another but each unhappy family is unhappy in its own way.*

*- Leo Tolstoy*

# POEMS

## PARENTS

Parents are God Almighty
He created them as soul of himself,
They are God on earth
The value of water in the desert
The value of light in the darkness.
The value of silence in the violence
The value of breeze in the summer

***- Kinjal Mehta (Std. VIII A)***



## FAMILY

**F**orever yours and yours
**A**lways there in trials and tribulations
**M**ost desired gift from God
**I**mpossible to live without
**L**ast to unknowingly hurt you
**Y**our character building pillar

***- Dhara N. Patel (Std. XI)***



## CARE & SPARE

Home is a place where a family stays
Life is raw clay, which a family molds and makes
It teaches me unity, it builds my personality
It my be nuclear or joint, staying happy together is the point
Parents give us love and bring us up with care
It is our duty to give them love and few minutes spare

***- Sneha Jaiswal (Std. XI)***

## JOLLY FAMILY

My family plays an important role in my life so nice,
It has my grandparents, dad and mom so wise,
In addition, I have my uncles and aunts, who look after all my wants
My brothers, sisters and cousins are my best friends, who make me aware of new trends.
Whenever I loose hearts and do not look forward to a new start,
They stand together to support me and make me stand smart
My mom and dad always fulfill my needs, encourage me to do good deeds
My grandfather shows the way out of troubles
My grandmother shows me the way to make soap bubbles.
My mother makes my favourite dishes
And also shows me the way out of crisis
My brother always tries to disturb me,
I love him and hence do not curb him
This is my sweet family
Full of caring but also jolly.

***- Urmila Danga (Std. XI)***



*Let a mother counsel her children with love as well as with knowledge, for a proud youth may not heed his mother's words but he will not forget her love.* *- Shakespeare*

## POEM : KNOWING FAMILY

We divide ourselves according to our blood associations,
We divide ourselves as per emergence,
We divide ourselves as nearest and dearest.
But is it family?
Can it bring us glory?
Can we become cheery?
We live in universe,
We live and converse,
We converse and co-operate,
Co-operate with each other,
We develop a system dependent on each other,
Can't we call it as family?
Won't it bring us glory?

**- *Vaibhav Mahajan (Std. 9-A)***



## પમરાટ


પ્રસન્ન પરિવારના પાયામાં છે,
સમર્પણની ભાવના હોય તો –
હંમેશા મહેંકતો રહેશે પમરાટ.
હળીમળીને રહેવાની કળા હોય તો –
હંમેશા મહેંકતો રહેશે પમરાટ.
મુશ્કેલીઓ કે આફતોના સમયે
ઍમિટીયનની ભાવના રહેશે તો –
હંમેશા ચહેંકતો રહેશે પમરાટ.
કદીક મતભેદ હોય પણ મનભેદ ના
નિરંતર જીવંત રહેશે પમરાટ.

– શ્રીમતી નયના ભટ્ટ

## અતૂટ પરિવાર

શા□ત માનવ મૂલ્યોની માવજત કરનાર,
નફા કરતા જ્ઞાનનું પલ્લું નમતું રાખનાર.
તાજા–તાજગીસભર અભિગમનું સ્વાગત કરનાર,
અમ સૌ ઍમિટીયન્સનો આ પ્રસન્ન પરિવાર.
ત્યાગ નિઃસ્વાર્થ અને સહકારથી રહેનાર,
સુખનો સરવાળો અને પ્રેમનો ગુણાકાર,
ભૂલની બાદબાકી અને શંકાનો ભાગાકાર કરનાર.
એકબીજામાં છે અતૂટ પૂર્ણ વિ□સ,
એટલે જ આ છે અમારો પ્રસન્ન પરિવાર !

– શ્રીમતી કિનાક્ષી રાજ



## અમારો ઍમિટી પરિવાર

ઍમિટીનો ઊગતો સૂરજ, અજ્ઞાન તિમિરને હરતો,
સંવેદનાની સરવાણીનો નિત નિત ધોધ વરસતો.
અમે ઍમિટીનું નામ રોશન કરવા થનગનતા,
હળીમળી સંગે રહીએ, મા સરસ્વતી મનગમતા.
નવયુગની ક્ષિતિજોની, હરપળ અહીં વાતો,
સાહિત્યસંવર્ધનનો ઍમિટી સાથે અજોડ નાતો.

– પ્રા. અશોક રોહિત

## પ્રસન્ન પરિવાર

પ્રભુના પ્રેમથી પ્રેરાતો પરિવાર,
પ્રસન્નતાના પર્વને ઉજાળતો પરિવાર,
સુખ, શાંતિથી સુવાસિત પરિવાર,
મકાનને હર્યુંભર્યું ઘર બનાવતો પરિવાર,
સ્નેહ સંબંધના સેતુથી સર્જાતો પરિવાર,
ફૂલની જેમ ફોરમતો પરિવાર,
સ્નેહનો સરવાળો : સાચો પ્રસન્ન પરિવાર.

– પ્રા. તેજલ દીક્ષિત



## આનંદમય, જીવતાં શીખો

આ તો જીવન છે, જીવતાં શીખો,
સંબધોમાં પડેલી દરારોને, સાધતાં શીખો.
ઘણી વાર આપી જાય છે,
નાની ભૂલો પણ વેદના,
દુઃખોને પણ જીવનમાં વેઠતાં શીખો.
ઈચ્છા હોય છે ઘણું મેળવવાની, પણ મળતું નથી,
જે કાંઈ મળ્યું તેમાંજ સંતોષ માણતા શીખો,
દુઃખી છતાંય છે અહીં, ને દુઃખોના ઘણા સ્વરૂપો,
કહેવું એટલું જ છે, ખુશ રહેતા શીખો !

– શ્રી લાલસિંગ વસાવા

*Likely as not, the child you can do least with will do the most to make you proud.*
*- Mignon McLaughlin*

## નિર્વ્યાજ પ્રેમ

પ્રસન્નતાનાં પાયામાં રહ્યો છે પ્રેમ,
પરિવારને એકસૂત્રે બાંધે છે પ્રેમ.
એકમેકનાં સુખદુઃખમાં, આપે સહિયારો સાથ,
ત્યારે જ મળી રહે, પ્રસન્નતાનો આસ્વાદ.
હળીમળીને નિપટાવે, જીવનની વિડંબના,
એને નથી પડી કદી, આપદા સંસારમાં.
નાની અમથી પળોજણને, મનમાં રાખો છો કેમ?
કયારેય કોઈનો ઓછો હોતો નથી પ્રેમ.
ભલે રહો પૂર્ણ દિવસ, આઘાપાછા તનથી,
સાંજ પડે ભેગા મળી, જમો સૌ ભાવથી.
હોય મકાન તો ન રહે, ભાવનાનું મૂલ્ય,
ન મળે લાગણીની આપલેમાં સરવાળે શૂન્ય.
સ્વપ્નથી સુંદર છે મારો ઍમિટી પરિવાર,
પ્રાર્થું પ્રભુને, રાખજે સદા પ્રસન્ન પરિવાર.

– શ્રીમતી સરોજ રાણા



## કેમ વિસરાય...?

શિક્ષક, સમાજ અને વાલીને જોડતી કડી,
કેમ વિસરાય તારી પ્રીતિ, ઓ વ્હાલી ઍમિટી.
સુંદર સ્વપ્નાઓને સાકાર કરવાની કેડી,
પુસ્તકો, પ્રયત્ન અને પુરૂષાર્થની અર્પે છે મૂડી.
પ્રગતિના સોપાનો સર કરવા મુકત ગગને ઉડાડી,
વિદ્વાન વકતાઓન સાથે કરાવે જ્ઞાન ગોઠડી.
શિસ્ત, સહકાર અને સમયસૂચકતાની રાહ ચીંધી,
અને હવે આવી રૂડી રજત–જયંતિની ઘડી.

– પ્રા. સુમિત્રા સોલંકી

## ઘર



માત્ર ચાર દિવાલોનું ખોખું તો મકાન કહેવાય.
દીવાલોની વચ્ચે થોડો પ્રેમ,
કયારેક ઝઘડો સહેવાય.
બારી–બારણાંમાંથી થોડી લાગણી,
ઉષ્માની આવન–જાવન થતી રહે,
દીવાલો પર થોડાંક રિસામણાં,
કયારેક મનામણાંના રેખાચિત્રો ટિંગાયા કરે.
ત્યારે અને ત્યારે જ મકાન
એ મારું વ્હાલું ઘર બને !

– શ્રીમતી કૌષા શાહ

## પ્રસન્ન પરિવાર



જયાં હોય સરળ સહજ નિર્મળ,
નિરામય વાણી વ્યવહાર
ત્યાં હોય અસર પરસ
સ્નેહની સરવાણીનો સોનેરી સંસાર.
જયાં અબાલ વૃદ્ધ એકબીજાને
કરતા રહે સન્માનનું અર્પણ.
ત્યાં સુખશાંતિ સમૃદ્ધિનું
પ્રકાશિત કરતું રહે નિર્મળ દર્પણ.
થતું રહે મહેમાનોનું સ્વાગતમાં
યજમાન પામે ગૌરવ પ્રાપ્તમાં
યજમાન મહેમાન અને ભગવાનનો
થતો રહે ત્રિવેણી સંગમ.
થતું રહે લાગણીઓનું આદાન પ્રદાન અને
જીવનનું સરવૈયું સરભર.
બાળકોનો કિલકિલાટ, યુવાનોનું સ્મિત અને
રહે સદા પ્રસન્ન પરિવાર.

– શ્રીમતી રાજુલ ભાવસાર

**SOLUTION**

### SUDOKU CHALLENGE

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 2 | 7 | 8 | 9 | 1 | 6 | 4 | 5 |
| 9 | 5 | 8 | 6 | 7 | 4 | 3 | 1 | 2 |
| 1 | 4 | 6 | 2 | 3 | 5 | 8 | 9 | 7 |
| 8 | 6 | 2 | 4 | 1 | 7 | 9 | 5 | 3 |
| 5 | 9 | 4 | 3 | 2 | 8 | 1 | 7 | 6 |
| 7 | 1 | 3 | 9 | 5 | 6 | 2 | 8 | 4 |
| 4 | 8 | 9 | 7 | 6 | 3 | 5 | 2 | 1 |
| 6 | 7 | 1 | 5 | 8 | 2 | 4 | 3 | 9 |
| 2 | 3 | 5 | 1 | 4 | 9 | 7 | 6 | 8 |

### FAST FIVE

| | | | | |
|---|---|---|---|---|
| F | A | T | E | S |
| I | N | E | P | T |
| R | I | N | S | E |
| S | L | O | O | P |
| T | E | R | M | S |

### GO FIGURE

***Easy***

5 + 3 x 5 + 1 = 41

***Medium***

4 + 9 x 3 + 4 = 43

***Hard***

6 ÷ 6 ÷ 1 x 4 = 4

### QUOTE UNCODE

What does it profit a man if he gains the whole world and loses his own soul?

### ALPHA TRIANGLE

V, IV, Vie, Vice, Vedic, Device, Evicted

*Love is a fruit in season at all times; and within the reach of every hand.*

*- Mother Teresa*

# ઍમિટી પરિવાર બોલે છે...

ઍમિટી શાળાની સ્થાપના ૧૧મી જૂન ૧૯૮૬ના રોજ થઈ હતી. જોતજોતામાં ૨૪ વર્ષો વહી ગયા. ૨૦૧૦–૧૧નું વર્ષ શાળાનું રજતજયંતિ વર્ષ બનશે. આ રજતજયંતી વર્ષના પ્રારંભે જ મૈત્રી–સેતુના બાવનમા (૫૨) અંક દ્વારા મળતા અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

અત્યાર સુધીમાં ૫૧ અંકો દ્વારા શાળાની વિવિધ ગતિવિધિઓથી સમાજને સતત જાણ કરવાનો શાળા પરિવારે નમ્ર પ્રયત્ન કર્યો છે. આ ૫૨ મો અંક ''પ્રસન્ન પરિવાર'' વિશેષાંક છે. આજે પરિવારની વ્યાખ્યા બદલાઈ રહી છે એક જમાનામાં લગભગ દસ–બાર કરતાં વધુ વ્યકિતઓ એક છત નીચે સાથે રહેતી. ભારતે સંયુકત કુટુંબની પ્રથા માટે સમગ્ર જગતમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. દાદા–દાદી અને પૌત્ર–પૌત્રીઓ સાથે રહેતા તેથી વડિલોના સ્વાસ્થ્યની કાળજી લેવાતી અને બાળકોને અનુભવી વડીલો પાસેથી દિશા અને દષ્ટિ પ્રાપ્ત થતાં. હરતી ફરતી યુનિવર્સિટી સમા વડિલો પોતના જ્ઞાન અને અનુભવનો લાભ પરોક્ષ રીતે નાનેરાઓને આપતા. વહેંચીને રહેવા–ખાવા–પીવાની વ્યવસ્થામાં સૌ અનેરો આનંદ પ્રાપ્ત કરતા. આજે તેમાં આમૂલ પરિવર્તન આવ્યું. આજે કુટુંબની વ્યાખ્યામાં ''અમે બે, અમારા બે'' કે કદાચ ''અમારું એક'' બન્યું. આ કારણે વહેંચવાની પરિસ્થિતિ દૂર થઈ ગઈ. જે ઘરમાં માત્ર એક કે વધુમાં વધુ બે સંતાનો છે ત્યાં વ્યકિતવાદનો જન્મ થઈ ચૂકયો. આજે સમાજમાં લગ્નની વયમર્યાદા ઊંચી ગઈ છે. બંને પાત્રોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. કદાચ બંને જણ વ્યાવસાયિક છે. આ સંજોગોમાં પતિપત્ની વચ્ચે હરીફાઈ થાય તે સ્વાભાવિક છે. જો સમજનો અભાવ હોય તો બંને એકબીજાના પૂરક થવાને બદલે એકબીજાની સાથે સ્પર્ધા કરે અને તેમાં નાનાં બાળકોનો ભોગ લેવાય. વડિલ વ્યકિતઓનો અહમ્ ટકરાતાં બાળકો હોમાઈ જતાં હોય તેવું દષ્ટિગોર થઈ રહ્યું છે.

આજે પરિવાર એટલે માત્ર કૌટુંબિક પરિવારને બદલે શાળા પરિવારની પ્રથા તરફ ડગ માંડી શકીએ. આ ''પ્રસન્ન પરિવાર વિશેષાંક''માં પરિવારની વ્યાખ્યામાં કુટુંબના સભ્યો સાથે શાળા પરિવારના સભ્યોનો પણ સમાવેશ કરવા પ્રયત્ન થયો છે. વ્યકિતની જીંદગીમાં પહેલા સોળ–સત્તર વર્ષ દરમ્યાન શિક્ષક પણ અનેરું સ્થાન ધરાવે છે. આ સંજોગોમાં શિક્ષકે પણ જે તે પરિવારના સભ્ય હોય તેમ જવાબદારી નિભાવવી પડશે. તો કુટુંબે પણ પોતાના પરિવારમાં શિક્ષકનો સમાવેશ કરવો પડશે. જો વાલી અને શિક્ષક હાથ મીલાવશે તો જ પારિવારિક જીવન પ્રસન્ન રહેશે. સમાજમાં – શાળા કે કુટુંબમાં – પ્રસન્નતા રહેશે તો જ બાળકની શૈક્ષણિક અને સામાજિક પ્રગતિ શકય બનશે. એકબીજા સાથે હાથ મીલાવવાની પ્રવૃત્તિ આગળ વધારવાનો પ્રયત્ન છે.

શાળાના રજતજયંતિ વર્ષના વિવિધ કાર્યક્રમોની ટૂંકી માહિતી નીચે પ્રમાણે છે. કયારેક સંજોગોવશાત તેમાં ફેરફાર કરવો પડે તો ક્ષમ્ય ગણવા વિનંતી.

૧૧/૦૬/૧૦ સ્થાપના દિનની ઉજવણીનો આનંદ

૧૩/૦૬/૧૦ રજતજયંતિ વર્ષ ઉદ્ઘાટન સમારંભ
સમય : સાંજે ૦૬:૦૦ કલાકે
પ્રમુખ : ડૉ. વર્ષા દાસ, ડાયરેકટરશ્રી, ગાંધી મ્યૂઝીયમ, નવી દિલ્હી
અતિથિવિશેષ : ડો. સુદર્શન આયંગર, વાઈસ ચાન્સેલર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૦૫/૦૯/૧૦ શિક્ષક દિન ઉજવણી

૨૫/૧૨/૧૦ પૂર્વ વિદ્યાર્થીઓનું મિલન

૨૬/૦૧/૧૧ પ્રજાસત્તાક દિન ઉજવણી

૨૭/૦૨/૧૧ શુભેચ્છકોનો મિલન સમારંભ


૦૧/૦૫/૧૧ વર્તમાન સહયોગીઓનું મિલન

આ રજયજયંતિ વર્ષની ઉજવણી માટે આપના સૂચનો આવકાર્ય છે. ઉજવણીમાં આપનો સહકાર પણ અપેક્ષિત છે. આ ૨૪ વર્ષમાં સાથ આપનાર સૌનો હૃદયપૂર્વક આભાર.

– ઍમિટી શૈક્ષણિક સંકુલ પરિવાર
તા.૧૧/૦૬/૨૦૦૧

*No matter how old a mother is she watches her middle-aged children for signs of improvement.* - *Florida Scott Maxwell*

સદ્ભાવના ફોરમ પ્રેરિત સદ્ભાવના પર્વ (તા. ૧૬ થી ૧૮ મે ૨૦૧૦) પ્રસંગે
શ્રી રણછોડ શાહ અને શ્રીમતી પ્રમેશ મહેતા સહભાગી





પૂ. મોરારી બાપૂ







Participation at National Science Seminar,
I.I.T. Kanpur by Physics Teacher
Mrs. Pragna Patel (Dt. 20th to 25th May, 2010)



Trekking - Mount Abu
Dt. 10th to 15th May, 2010



માતૃભાષા વંદનાયાત્રા
તા. ૪-૨-૨૦૧૦ ડૉ. ગુણવંત શાહ
સાથે શાળા પરિવાર




Annual Prize Distribution Function
Chief Guest : Bhagyendra Patel
(Asst. Editor, Guj. Dept., NBT, New Delhi) Dt. 21-4-10

અંક : ૫૨ ✱ તા. ૧૧-૦૬-૨૦૧૦ ✱ સ્થાપક સંપાદિકા : શ્રીમતી શૈલાબહેન વૈદ્ય

# મૈત્રી – સેતુ

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે...

## પ્રસન્ન પરિવાર વિશેષાંક



મૈત્રી સેતુના ૫૧મા અંકનું વિમોચન કરતા ડૉ. પિયુષ જોષી



એન.બી.ટી. ન્યુ દિલ્હી અને ઍમિટી શાળાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પુસ્તક દિન નિમિત્તે પુસ્તક પર્વ તા. ૨૩-૪-૨૦૧૦
ડાબેથી ભાગ્યેન્દ્ર પટેલ, મીનલ દવે, રણછોડ શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. મીનાક્ષી ઠાકર, પ્રમેશ મહેતા,
ડૉ. હર્ષદ ત્રિવેદી, પ્રકાશ મહેતા, સંગીતા શાહ, ડૉ. હિમાંશી શેલત, કૃષ્ણકાંત ઉનડકટ, ડૉ. નિરંજન રાજ્યગુરૂ, રણછોડ શાહ

ONLY FOR PRIVATE CIRCULATION • PRINTED MATTER • 3500,06-10

**Amity School,** Dahej Bypass Road, Bharuch-392 001. Ph.: 02642-239635
E-mail : amity@narmada.net.in • website : www.amityschool.net

MARMIK OFFSET • PH : (02642) 262909